GJGS090000092018

ફાઇલ તારીખ: ૦૩/૧૦/૨૦૧૮
દાખલ તારીખ: ૦૩/૧૦/૨૦૧૮
ફેંસલ તારીખ: ૨૪/૦૩/૨૦૨૬
અવધિ: વર્ષ માસ દિવસ
૦૭ ૦૫ ૨૧

# મહે. બીજા એડીશ્નલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. કોડીનાર જી.ગીર સોમનાથ.

## ફોર્મ– "એ"

આંક–

**ચુકાદા તારીખઃ ૨૪/૦૩/૨૦૨૬**

**સેસન્સ કેસ નં.૦૨/૨૦૧૮**

**(કોડીનાર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ફર્સ્ટ ૭૨/૨૦૦૩, ઈ.પી.કો.ની કલમ– ૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબ)**

| | |
|---|---|
| **ફરીયાદ પક્ષ** | **શ્રી સરકાર.** |
| **વિ. એ.પી.પી.શ્રી.** | **શ્રી એમ.કે.ગોહેલ** |
| **આરોપી** | **માનસીંગ લખમણભાઈ સોસા,**<br>ઉ.વ.૨૨, ધંધો–મજુરી,<br>રહે. બાવાના પીપળવા, તા.કોડીનાર,<br>જી.ગીરસોમનાથ. |
| **આરોપી તરફે વિ.વ.શ્રી** | **શ્રી એમ.જી.નકવી** |

## ફોર્મ– "બી"

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૮/૦૫/૨૦૦૩ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૯/૦૫/૨૦૦૩ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૦૨/૦૮/૨૦૦૩ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૧૯/૧૨/૨૦૦૯ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૯/૦૫/૨૦૧૧ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં | ૨૩/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| આવ્યો છે, તે તારીખ | |
| ચુકાદાની તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

## આરોપીની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત ની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | માનસીંગભાઇ લખમણભાઇ સોસા | ૨૨–૦૫–૨૦૦૩ | ૧૭/૦૯/૨૦૦૩ | ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબ | નિર્દોષ | – | – |

## ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબનો.

# – ચુ કા દો –

(૧) આ કામમાં ફરીયાદપક્ષે ઉપર જણાવેલ આરોપીએ વિરૂદ્ધ કોડીનાર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ફર્સ્ટ ૭૨/૨૦૦૩, ઈ.પી.કોડની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યો હોવાનું તહોમત મુકેલ છે, તપાસ થયા બાદ પુરતો પુરાવો જણાતા તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ છે

(૨) સદર કામે ફરીયાદપક્ષની ફરીયાદ હકીકત મુખ્યત્વે એવી છે કે, આ કામે આરોપીને આ ફરીયાદીના જેઠાણી(મરનાર) મણીબેન દાનાભાઇ સાથે છેલ્લા ત્રણેક વર્ષથી પ્રેમ સંબધ હતો અને આરોપીની સગાઇ પણ

આલીદર ગામે સાહેદ નં.૨૨ ની દિકરી સોમા મળા વાઢેર સાથે થયેલ હતી અને લગ્ન પણ તા.૧૮–૦૫–૨૦૦૩ ના રોજ થવાના હતા. જેનાથી મરનાર મણીબેન નારાજ થયેલ અને આ મણીબેન તથા આરોપી વચ્ચે આ અંગે મનદુ:ખ–ઘર્ષણ પેદા થયેલ અને આરોપીને લાગેલ કે, પોતાના લગ્નમા આ મણીબેન તથા તેના બાળકો નડતરરૂપ થશે, જેથી બધાનો કાંટો કાઢી નાખવા આરોપીએ તા.૦૮–૦૫–૨૦૦૩ કલાક:૨૧/૩૦ ના અરસામાં આ મણીબેનના ઘરે દેદાની દેવળી ગામે જઇ તેઓની રસોઇમાં ઝેરી ટીકડા નાખી અને બધાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને મણીબેનને તથા તેમના છોકરાઓ પિયુષ–ઉ.વ.૧૧, રવિના–ઉ.વ.૫, નિલેશ–ઉ.વ.૭ વાળાઓને ઝેરી દવાવાળી રસોઇ ખવડાવી તેમજ ધરાર થી ઝેરી ટીકડા મોઢામાં આગળા નાંખી ખવડાવી જેમાં મણીબેન તથા પિયુષ તથા છોકરી રવિનાનું મોત નીપજાવ્યુ અને નીલેશ બચી ગયેલ હોય જેને મારી નાખવાની કોશીશ કર્યાનો ગુન્હો કરેલાનુ તપાસના અંતે પડેલ પુરવા ઉપરથી, ફલીત થતા આ કામના આરોપીએ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૮** મુજબનો ગુનો કર્યો હોવાનું તહોમત છે.

(૩) બનાવ સબંધેની ફરીયાદ, ફરીયાદીએ કોડીનાર પોલીસ સ્ટેશન ખાતે આપતા, તે કોડીનાર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ફર્સ્ટ ૭૨/ ૨૦૦૩ થી ઇ.પી.કોડની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબનો ગુનો નોંધાયેલ અને ગુનાની આગળની તપાસ, તપાસ કરનાર અમલદારશ્રીને સોંપતા, તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું, આરોપીઓની શરીર સ્થિતીનું પંચનામું, ઇન્કવેસ્ટ પંચનામું, ડીસ્કવરી પંચનામું, લાશનું પી.એમ. બાદ કપડા કબજે કર્યાનું પંચનામું વિગેરેની કાર્યવાહી બાદ તપાસના અંતે આરોપી સામે પુરતા પુરાવા હોવાનું જણાતા તેઓની સામે કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

(૪) આ કામે ઉપર મુજબનું ચાર્જશીટ કોડીનારના જયુડી. મેજી.ફ.ક. સમક્ષ રજુ થયેલ તે ક્રિમી. કેસ નં. ૪૯૫/૨૦૦૩ થી નોંધાયેલ, જયાં આરોપીને સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે તમામ પોલીસ પેપર્સની નકલો આપી, ત્યારબાદ સદર કામ ચલાવવાની કોડીનારના જયુડી. મેજી. ફ.ક.શ્રીને હકુમત ન હોય અને આ ગુનો માત્ર સેશન્સ અદાલતની ક્ષેત્રાધિકારનો ગુનો હોય, સી.આર.પી.સી. કલમ–૨૦૯ અન્વયે વિ. જયુડી. મેજી.ફ.ક. કોડીનાર તરફથી ચાર્જશીટ સહીતના તમામ પોલીસ પેપર્સ કમીટ કરી સેશન્સ કોર્ટ, વેરાવળ કેમ્પ ઉના તરફ મોકલી આપવામાં આવેલ. જયાં, સેશન્સ કોર્ટ ઉનાના રજીસ્ટરે, સદરહું કેસ સેશન્સ કેસ નં. ૪૮/૨૦૦૩ થી નોંધાયેલો છે અને ત્યારબાદ આ કેસ જીલ્લા ન્યાયધીશ ગીર સોમનાથ વેરાવળના આદેશ અન્વયે અત્રેની કોડીનાર સેશન્સ કોર્ટને હુકમ અન્વયે સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેની કોર્ટને પ્રાપ્ત થયેલ છે. જેથી અત્રેની કોર્ટ ધ્વારા સદર કેસને સેશન્સ કેસ નં. ૦૨/૨૦૧૮ થી રજીસ્ટરે લઈ આગળની કાર્યવાહી આગળ ચલાવેલ.

(૫) આ કામમાં આરોપી સામેના ગુના સબંધે, મારા પુરોગામી ઉનાના વિ. ન્યાયાધીશશ્રીએ આરોપી સામે **આંક–૯** તહોમતનામું ફરમાવી, તહોમતનામાંની તમામ વિગતો તેઓને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ, જેમાં આરોપીએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરતા આરોપીનું તહોમતનામાં સબંધે **આંક–૧૦** થી નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે અને તેઓની સામે આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવાની રજુઆત કરતા, આ કામના આરોપી સામે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## <u>ફોર્મ–સી</u>

(૬) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

રજુ થયેલા છે.

## (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા–

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| | **મુખ્ય સાહેદો** | |
| ૧ | સા.નં.૬,ધનીબેન બચુભાઇ બારડ (ફરીયાદી) | ૭૭ |
| ૨ | સા.નં.૭,વાલીબેન કરશનભાઇ વાળા (સાહેદ) | ૮૨ |
| ૩ | સા.નં.૮, જયોત્સનાબેન જેસીંગભાઇ બારડ (સાહેદ) | ૮૩ |
| ૪ | સા.નં.૧૦,જેસીંગભાઇ ઉકાભાઇ બારડ (સાહેદ) | ૮૫ |
| ૫ | સા.નં.૧૫, ભનુભાઇ સમજુભાઇ જાલાણી (સાહેદ) | ૧૦૦ |
| ૬ | સા.નં.૧૬, નિલેશભાઇ દાનસીંગભાઇ બારડ (સાહેદ) | ૧૦૨ |
| | **તબીબી સાહેદો** | |
| ૭ | સા.નં.૧૨, ડૉ.ધીરજભાઇ મચારામભાઇ અગ્રાવત (મેડીકલ ઓફિસર) | ૯૧ |
| ૮ | સા.નં.૧૩, ડૉ.શુધાબેન કાંતીલાલ શાહ (મેડીકલ ઓફિસર) | ૯૬ |
| ૯ | સા.નં.૧૪, ડૉ.માલબેન પ્રકાશભાઇ જોષી(મેડીકલ ઓફિસર) | ૯૮ |
| | **પંચ સાહેદો** | |
| ૧૦ | સા.નં.૧, પ્રતાપભાઇ જેઠાભાઇ બારડ(ઇન્કવેસ્ટ, બનાવવાળી જગ્યા તથા મરણોત્તર પંચનામાંના પંચ) | ૧૧ |
| ૧૧ | સા.નં.૨, કાદુભાઇ અરજણભાઇ બારડ (બનાવવાળી જગ્યા તથા મરણોત્તર પંચનામાંના પંચ) | ૧૮ |
| ૧૨ | સા.નં.૩, રામજીભાઇ લાખાભાઇ ધારેચા (મરણજનારના કપડાના પંચનામાંના પંચ) | ૨૦ |
| ૧૩ | સા.નં.૪, કાનજીભાઇ રામજીભાઇ બેલડીયા (ગુનાવાળી જગ્યાના તથા રીકન્સટ્રકશન કર્યાના તથા મરણજનારના કપડાના પંચનામાંના પંચ) | ૨૭ |
| ૧૪ | સા.નં.૫,દિપકભાઇ મોહનભાઇ ડોરીયા(ઇન્કવેસ્ટ તથા લાશના ઓળખ પંચનામાંના પંચ) | ૨૮ |
| | **પોલીસ સાહેદો** | |
| ૧૫ | સા.નં.૧૭,હાથીયાભાઇ હમીરભાઇ જલુ (પી.એસ.ઓ.) | ૧૦૩ |
| ૧૬ | સા.નં.૧૮, કનૈયાલાલ ઉદયશંકર જોષી (પી.એસ.આઇ.) | ૧૦૮ |

| | | |
|---|---|---|
| ૧૭ | સા.નં.૧૯, જોગાજી નાનજી પરમાર (એ.સી.પી.) | ૧૦૯ |
| ૧૮ | સા.નં.૨૦,ધીરસીંહ ગોવીંદસીંહ અસવાર(ડી.વાઇ.એસ.પી.) | ૧૧૦ |

**અન્યસાહેદો**

| | | |
|---|---|---|
| ૧૯ | સા.નં.૯,જયાબેન બાબુભાઇ મેર | ૮૪ |
| ૨૦ | સા.નં.૧૧,ભાણાભાઇ અરજણભાઇ વાળા | ૮૬ |

## (એ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૨ | પંચ સ્લીપ | ૧૩ થી ૧૭ |
| ૩ | ખાદ્ય ચીજવસ્તુઓ કબજે કર્યાનું પંચનામુ | ૧૯ |
| ૪ | મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામું | ૨૧,૨૨ |
| ૫ | અટક પંચનામુ | ૨૩ |
| ૬ | પંચ સ્લીપો | ૨૪ થી ૨૬ |
| ૭ | ઈન્કવેસ્ટ પંચનામું | ૨૯, ૩૦ |
| ૮ | લાશનું ઓળખનુ પંચનામું | ૩૧ |
| ૯ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૩૪ |
| ૧૦ | ગુનાનું રીકન્સ્ટ્રકશન પંચનામું | ૩૫ |
| ૧૧ | એફ.આઇ.આર. | ૭૮ |
| ૧૨ | પી.એમ.નોટ | ૯૨ |
| ૧૩ | મરણોત્તર ફોર્મ | ૯૩ |
| ૧૪ | મરણજનારના વિશેરા સીલબંધ સ્થીતીમાં પોલીસને મોકલેલા તે પત્રની ઝેરોક્ષ | ૯૪ |
| ૧૫ | સર્ટીફીકેટ | ૯૭ |
| ૧૬ | સર્ટીફીકેટ | ૯૯ |
| ૧૭ | તપાસનો હુકમ | ૧૦૪ |

| | | |
|---|---|---|
| ૧૮ | ઈન્કવેસ્ટની આગળની કાર્યવાહી કરવા લેખીત વર્ધી | ૧૦૫ |
| ૧૯ | સ્પેશ્યલ રીપોર્ટ | ૧૦૬ |
| ૨૦ | રેડીયો મેસેજનો પત્ર | ૧૦૭ |
| ૨૧ | પી.એમ.નોટ | ૧૧૧ અને ૧૧૨ |
| ૨૨ | એફ.એસ.એલ.ને મોકલેલ રવાનગી નોંધ | ૧૧૩ |
| ૨૩ | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળયા અંગેની પહોંચ | ૧૧૪ |
| ૨૪ | એફ.એસ.એલ.નો મુદ્દામાલ અંગેનો અસલ પૃથ્થકરણ પરીણામ પત્રક | ૧૧૫ |

(૭) ફરીયાદપક્ષ તરફથી પુરાવો પુરો થતા, ફરીયાદપક્ષે વિ. એ. પી. પી.શ્રી ગોહેલની આંક–૧૧૬ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ આરોપી આ કામે મળી આવતા ન હોય, જેથી આ કોર્ટ ધ્વારા ક્રિ.પ્રો.કોડની ક.૨૯૯ અન્વયે તેમની ગેરહાજરીમાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરાયેલ. આ સંજોગોમાં આરોપીની ગેરહાજરી સબબ તેમનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લઈ શકાયેલ નથી.

(૮) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજુ પંચનામાન પંચોએ તેમજ પોલીસ સાહેદોએ સમર્થન આપી પુરવાર કરેલા છે. ફરિયાદી ધનીબેન બચુભાઈ બારડ, સાહેદ ભાણાભાઈ અરજણ ભાઈ વાળા, સાહેદ નિલેશભાઈ દાનસીંગભાઈ બારડ તેમજ પોલીસ સાહેદોએ આરોપી વિરૂધ્ધ પુરાવો રજૂ કરેલ છે. આ કામે તબીબી સાહેદ ડો. ધીરજભાઈ માયારામભાઈ અગ્રાવતને આંક–૯૧ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં મરણજનારનું મૃત્યુ ઝેરી દવાના લીધે

થયેલાનું જણાવે છે. તેવી જ રીતે તબીબી સાહેદ ડો. માલાબેન પ્રકાશભાઈ જોષીને આંક–૯૮ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં નિલેશભાઈ દાનસીંગભાઈ કાનાભાઈને કે જેઓ ભોગ બનનાર છે તેઓને ખોરાકમાં ઝેરી દવા ભેળવીને ખવરાવવામાં આવે તો તેઓને ઝેરની અસર થઈ શકે તેવું જણાવેલ છે. વધુમાં તબીબી સાહેદ ભનુભાઈ સમજુભાઈ જાલાણીએ તેમના આંક–૧૦૦ ના પુરાવામા રવીના, પીયુષ તથા નિલેશ ભાઈને ઝેરી દવાની અસર થતા તેઓની પાસે સારવાર લેવા આવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે પોલીસ સાહેદોના પુરાવા વંચાણે લેતા સંયોગીક પુરાવા તરીકે ઘ્યાને લઈ શકાય. વધુમાં આ કામે નજરે જોનાર સાહેદ નિલેશભાઈ દાનસીંગભાઈ બારડની જુબાની ઘ્યાને લેતા તેઓએ પણ આરોપી વિરુઘ્ધનો પુરાવો આપેલ છે. ત.ક.અમલદાર દવારા આપેલ પુરાવો વંચાણે લેતા પણ આરોપી તેમજ સાહેદ પાસેથી મળેલ માહિતી અન્વયે મુદ્દામાલ રીકવર કરેલ છે. આરોપીએ તેઓ રૂબરૂ કરેલ કબુલાત અને આપેલ માહિતી અન્વયે પંચનામા કરી મુદ્દામાલ રીકવર કરી એફ.એસ.એલ.માં પરીક્ષણ અર્થે મોકલેલા જે તમામ પુરાવા ઘ્યાને લેતા ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૩૦૭ અને ૩૨૮ નો અન્વયેનો ગુન્હો નિ:શંકપણે સાબિત થતો હોય જેથી આરોપીને કાયદામાં ઠરાવેલ સખતમાં સખત સજા તથા ભારે દંડ કરવા અરજ ગુજારેલ છે.

(૯) બચાવપક્ષે આરોપી તરફે કોઇ હાજર ન હોય, તેમજ તેઓ વિરૂઘ્ધ ક્રિ.પ્રો.કોડની ક.૨૯૯(૧) અન્વયે કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરાયેલ નથી. તેમના તર્ફે કોઇ દલીલ રજુ નથી.

(૧૦) આ કામમાં ઉપરોકત રજુઆતના અનુસંધાને મારા ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

૧. શું મરણ જનારનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ હતુ ?

૨. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે આરોપીને આ ફરીયાદીના જેઠાણી(મરનાર) મણીબેન દાનાભાઇ સાથે છેલ્રા ત્રણેક વર્ષથી પ્રેમ સંબધ હતો અને અારોપીની સગાઇ પણ આલીદર ગામે સાહેદ નં.૨૨ ની દિકરી સોમા મળા વાઢેર સાથે થયેલ હતી અને લગ્ન પણ તા.૧૮–૦૫–૨૦૦૩ ના રોજ થવાના હતા. જેનાથી મરનાર મણીબેન નારાજ થયેલ અને આ મણીબેન તથા આરોપી વચ્ચે આ અંગે મનદુ:ખ–ઘર્ષણ પેદા થયેલ અને આરોપીને લાગેલ કે, પોતાના લગ્નમા આ મણીબેન તથા તેના બાળકો નડતરરૂપ થશે, જેથી બધાનો કાંટો કાઢી નાખવા આરોપી એ તા.૦૮–૦૫–૨૦૦૩ કલાક:૨૧/૩૦ ના અરસામાં આ મણીબેનના ઘરે દેદાની દેવળી ગામે જઇ તેઓની રસોઇમાં ઝેરી ટીકડા નાખી અને બધાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને મણીબેનને તથા તેમના છોકરાઓ પિયુષ–ઉ.વ.૧૧, રવિના ઉ.વ.૫, નિલેશ–ઉ.વ.૭ વાળાઓને ઝેરી દવાવાળી રસોઇ ખવડાવી તેમજ ધરાર થી ઝેરી ટીકડા મોઢામાં આગળા નાંખી ખવડાવી જેમાં મણીબેન તથા પિયુષ તથા છોકરી રવિનાનું મોત નીપજાવ્યુ અને નીલેશ બચી ગયેલ હોય જેને મારી નાખવાની કોશીશ કર્યાનો ગુન્હો કરેલાનુ તપાસના અંતે પડેલ પુરવા ઉપરથી, ફલીત થતા આ કામના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું આખરી હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયી નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. નકારમાં,

૩. આખરી હુકમ મુજબ.

## **કા ર ણો**

**મુદ્દા નં.૧**

**(૧૨)** આ કામે આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦ર મુજબનો ગુનો કર્યો હોવાનું તહોમત છે. જેમાં સૌપ્રથમ ઇ.પી.કોડની ક.૩૦૨ના ગુના અન્વયે કલમ–૩૦૦ની સમાલોચનમાં સાપરાધ મનુષ્યવધ જે ખૂન ગણાય તેની ચર્ચા કરવામાં આવી છે. જે અન્વયે આરોપીએ કોઇ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યો હોય, જે કારણે ભોગબનનારનું મૃત્યુ નીપજેલ હોય, આ સંજોગોમાં જો આરોપીનું કૃત્ય મૃત્યુ નીપજાવવાના ઈરાદાથી કર્યુ હોય અથવા આરોપીને જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરિક ઈજા કે હાનિ પહોચી છે તેનાથી મૃત્ય નીપજવાની સંભાવના છે અથવા તે ઈજા કુદરત ના સામાન્યક્રમમાં મૃત્યુ નીપજાવવા માટે પુરતી હોય ત્યારે આરોપી એ ખૂનનો ગુનો કર્યો છે તેમ કહી શકાય.

**(૧૨.૧)** માનવીનુ મૃત્યું અનેક કારણસર નીપજે શકે છે. આ મૃત્યું જે કુદરતી કારણસર હોઈ શકે, અકસ્માતના કારણે નીપજી શકે, કોઈની બેદરકારી પુર્વકના કૃત્યના કારણે હોઈ શકે. અથવા તો જે તે વ્યક્તિએ પોતાની સ્વેચ્છાએ પોતાનું જીવન ટુંકાવેલ હોય એટલે કે તેણે આત્મહત્યા કરેલ હોય. મનુષ્યવધના કિસ્સામાં સાપરાધ મનુષ્ય વધ પણ હોઈ શકે. હાલના કેસમાં આરોપીને આ ફરીયાદીના જેઠાણી(મરનાર) મણીબેન દાનાભાઈ સાથે છેલ્લા ત્રણેક વર્ષથી પ્રેમ સંબધ હતો અને આરોપીની સગાઈ પણ આલીદર ગામે સાહેદ નં.૨૨ ની દિકરી સોમા મળા વાઢેર સાથે થયેલ હતી અને લગ્ન પણ તા.૧૮–૦૫–૨૦૦૩ ના રોજ થવાના

હતા. જેનાથી મરનાર મણીબેન નારાજ થયેલ અને આ મણીબેન તથા આરોપી વચ્ચે આ અંગે મનદુ:ખ–ઘર્ષણ પેદા થયેલ અને આરોપીને લાગેલ કે, પોતાના લગ્નમા આ મણીબેન તથા તેના બાળકો નડતરરૂપ થશે, જેથી બધાનો કાંટો કાઢી નાખવા આરોપીએ તા.૦૮–૦૫–૨૦૦૩ કલાક:૨૧/૩૦ ના અરસામાં આ મણીબેનના ઘરે દેદાની દેવળી ગામે જઇ તેઓની રસોઇમાં ઝેરી ટીકડા નાખી અને બધાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને મણીબેનને તથા તેમના છોકરાઓ પિયુષ–ઉ.વ.૧૧, રવિના–ઉ.વ.૫, નિલેશ–ઉ.વ.૭ વાળાઓને ઝેરી દવાવાળી રસોઇ ખવડાવી તેમજ ધરાર થી ઝેરી ટીકડા મોઢામાં આગળા નાંખી ખવડાવી જેમાં મણીબેન તથા પિયુષ તથા છોકરી રવિનાનું મોત નીપજાવી ખૂન કરેલ હોવાનો આક્ષેપ છે. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષે એ પુરવાર કરવું પડે કે આરોપીએ કરેલ કૃત્ય સાપરાધ મનુષ્ય વધ એટલે કે ખૂન છે.

**(૧૨.૨)** સાપરાધ મનુષ્ય વધ આંતરીક અથવા તો બાહ્ય ઈજાથી નીપજી શકે. ઘણા કિસ્સામાં ફક્ત બાહ્ય ઈજાના કારણે શરીરમાં ઉપસ્થિત થયેલ આંતરીક ઈજાના કારણે પણ મૃત્યું નીપજી શકે. ઘણા કિસ્સામાં શરીરના માર્મીક અવયવોની ક્રિયાશીલતાને ઘાતક અસર પહોચવાના કારણે પણ તેવું મૃત્યું નીપજી શકે. ઈ.પી.કો.ક.–૨૯૯ સાપરાધ મનુષ્ય વધની વ્યાખ્યા દર્શાવે છે અને કલમ–૩૦૦ ખૂનની વ્યાખ્યા દર્શાવે છે.

**(૧૨.૩)** આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ કરાયેલ પુરાવાને ઇ.પી.કો. કલમ–૨૯૯ તથા કલમ–૩૦૦ સંદર્ભે ધ્યાને લેતા ફરિયાદપક્ષે આ કામે આંક–૧૧ થી પંચ સાહેદ પ્રતાપભાઇ જેઠાભાઇ બારડને તપાસી આંક–૧૨ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ રજુ કરેલ છે. તેમણે આપેલી જુબાની મુજબ ગુન્હાવાળી જગ્યાએથી બનાવ અંગેનો મુદામાલ મળી આવેલ જે નમુનાઓ પોલીસે કબજે લઇ એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલતા

તેમાં ઝેરી રસાયણ એલ્યુમીનીયમ ફોસ્ફાઇડની હાજરી માલુમ પડેલ. આ કામે આંક-૧૮ થી તપાસેલા અન્ય પંચ સાહેદ કાદુભાઇ બારડની જુબાની વંચાણે લેતા પણ તેમની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી પોલીસે આંક-૧૨ માં પંચનામામાં જણાવેલ મુદ્દામાલના નમુનાઓ કબજે લીધેલા, જેમાં ઝેરી રસાયણ માલુમ પડેલ, જે વ્યકિતનું મોત નિપજાવવા માટે કારણભુત બની શકે છે. વળી સદરહુ નમુનાઓમાં આ કામે ભોગ બનનાર અને મરણજનારની ઉલટીના નમુનાઓ હતા જેમા પણ ઝેરી રસાયણની હાજરી મળી આવેલ. આ કામે મરણજનાર પીયુષ દાનાભાઇ તથા રવીના દાનાભાઇના કપડા પોલીસે આંક-૨૧ ના પંચનામાથી અને મરણજનાર મણીબેન દાનાભાઇની લાશ ઉપરથી કપડા આંક-૨૨ ના પંચનામાથી કબજે કરાયેલા, જે નમુનાઓનું પરીક્ષણ કરતા તેના ઉપર મરણજનારના ઉલટીના અવશેષો મળી આવેલ જેમા ઝેરી રસાયણની હાજરી માલુમ પડેલ. આ કામે આંક-૨૮ થી તપાસેલા પંચ સાહેદ દિપકભાઇ મોહનભાઇ દોરીયાની જુબાનીથી પણ માનવાને કારણ જણાય છે કે આ કામે મરણજનાર બન્ને બાળકોના મોત ઝેરી દવા પી જવાથી થયેલાનું જણાયેલુ. આ કામે આંક-૨૯ અને ૩૦ થી રજુ કરાયેલ ઇન્કવેસ્ટ પંચનામુ વંચાણે લેતા પણ મરણજનારનુ મોત અકુદરતી રીતે થયાનું માનવાને કારણ જણાય છે. આ કામે આંક-૭૭ થી તપાસેલા ફરિયાદી ધનીબેન બચુભાઇ બારડની જુબાની ધ્યાને લેતા પણ મરણજનાર મણીબેન અને તેમનો દિકરો પીયુષ અને દિકરી રવીનાની મોત અકુદરતી સંજોગોમાં થયાની હકિકત માનવાને કારણ જણાય છે. આ કામે આંક-૮૨ થી તપાસેલા સાહેદ વાલીબેન કરશનભાઇ વાળાની જુબાની વંચાણે લેતા પણ મરણજનાર મણીબેન અને તેના દિકરા પીયુષ અને રવીનાનુ મોત ઝેરી દવા પીવાથી એટલે કે અકુદરતી સંજોગોમાં થયાની હકિકતને સમર્થન મળે છે. આ કામે આંક-૮૩ થી તપાસેલા સાહેદ જયોત્સનાબેન જેસીંગભાઇ બારડની જુબાની વંચાણે લેતા પણ મરણજનાર મણીબેનને તેનો દિકરો પીયુષ અને દિકરી રવીનાનું મોત ઝેરી દવા પીવાથી થયેલ તે

હકિકતને સમર્થન મળે છે. આ કામે આંક-૮૬ થી તપાસેલા સાહેદ ભાણાભાઈ અરજણભાઈ વાળાએ આપેલ જુબાની અનુસાર પણ મરણજનાર મણીબેન તથા તેમના દિકરા દિકરીનુ મૃત્યુ ઝેરી દવા પીવાથી થયાનું માનવાને કારણ જણાય છે. આ કામે આંક-૯૧ થી તપાસેલા મેડીકલ ઓફીસર ડો. ધીરજભાઈની જુબાની વંચાણે લેતા પણ મરણજનારના શબની હોજરીમાંથી જણાયેલો અંદરનો પદાર્થ, નાનુ આંતરડુ તથા મોટુ આંતરડુ એફ.એસ.એલ. તપાસ માટે બોટલ નં. ૧ માં લીધેલા તેવી જ રીતે લીવર ફેફસુ, બરોડ અને કીડનીના ટુકડા એફ.એસ.એલ. તપાસ માટે બોટલમાં લઈ તેનુ પૃથ્થકરણ કરવા પોલીસ ને આપેલ મેડીકલ ઓફીસરે મરણજનારનુ પી.એમ. કરતા મૃત્યુનુ કારણ કાર્ડીઓ રેસ્પીરીટીના કારણે થયાનું પ્રાથમિક અભીપ્રાય આપેલ. પરંતુ આખરી અભીપ્રાય વિશેરા અંગેના એફ.એસ.એલ.ના પૃથ્થકરણ અંગેના રીપોર્ટ પરથી જાણી શકાય તેમ જણાવેલ. સાહેદે સદર એફ.એસ. એલ.નો રીપોર્ટ જોઈ તેમા મરણજનારના વીશેરામાં એલ્યુમીનીયમ ફોસ્ટફાઈડ નામનો અકાર્બનીક નામના રસાયણીક ઝેરની હાજરીમા માલુમ પડેલ જેથી સ્પષ્ટ અભિપ્રાય આપેલ કે મરણજનારનુ મોત રાસાયણીક ઝેરના કારણે થયેલ છે. આ તમામ સંજોગોમાં ત્રણેય મરણજનારના મૃત્યુ ઝેરી દવાની અસરથી એટલે કે અકુદરતી સંજોગોમાં થયાનો માની શકાય. તેવી જ રીતે અન્ય મેડીકલ ઓફીસરના પુરાવા તેમજ પોલીસ ઓફીસરની જુબાની વંચાણે લેતા પણ મરણજનાર મણીબેન, પીયુષ અને રવીનાનું મૃત્યુ અકુદરતી રીતે થયાનું માની શકાય. જે આધારિત પોલીસ તપાસ, તબીબી પુરાવો તથા વૈજ્ઞાનિક પુરાવો ફરિયાદ પક્ષે રજુ કરેલ છે જે ધ્યાને લેતા પણ મરણજનારનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ ગણી શકાય. તેવા સંજોગોમાં મરણજનારનુ મૃત્યુ ઝેરી પદાર્થ ખાવાના કારણોસર થયેલ અને તે ઝેરી પદાર્થનો ઉપયોગ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યું નિપજાવવા માટે પુરતો હતો જેથી મરણજનારનુ મૃત્ય સાપરાધ મનુષ્ય વધ એટલે કે ખુન

કહી શકાય તેમ હોવાનુ પુરવાર થાય છે. આ મૃત્યું સાપરાધ મનુષ્ય વધ હોવાનુ સ્વીકારી શકાય તેમ છે. તેથી **મુદા નં.૧** નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.ર</u>**

(૧૩) આ કામના આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબના ગુનાનું તહોમત છે અને ગુનાની હકીકત ધ્યાને લેતા, સદર કામે ફરીયાદપક્ષની ફરીયાદ હકીકત મુખ્યત્વે એવી છે કે, આ કામે આરોપીને આ ફરીયાદીના જેઠાણી(મરનાર) મણીબેન દાનાભાઇ સાથે છેલ્લા ત્રણેક વર્ષથી પ્રેમ સંબધ હતો અને અ ારોપીની સગાઇ પણ આલીદર ગામે સાહેદ નં.૨૨ ની દિકરી સોમા મળા વાઢેર સાથે થયેલ હતી અને લગ્ન પણ તા.૧૮–૦૫–૨૦૦૩ ના રોજ થવાના હતા. જેનાથી મરનાર મણીબેન નારાજ થયેલ અને આ મણીબેન તથા આરોપી વચ્ચે આ અંગે મનદુ:ખ–ઘર્ષણ પેદા થયેલ અને આરોપીને લાગેલ કે, પોતાના લગ્નમા આ મણીબેન તથા તેના બાળકો નડતરરૂપ થશે, જેથી બધાનો કાંટો કાઢી નાખવા આરોપીએ તા.૦૮–૦૫–૨૦૦૩ કલાક:૨૧/૩૦ ના અરસામાં આ મણીબેનના ઘરે દેદાની દેવળી ગામે જઇ તેઓની રસોઇમાં ઝેરી ટીકડા નાખી અને બધાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને મણીબેનને તથા તેમના છોકરાઓ પિયુષ–ઉ.વ.૧૧, રવિના–ઉ.વ.૫, નિલેશ–ઉ.વ.૭ વાળાઓને ઝેરી દવાવાળી રસોઇ ખવડાવી તેમજ ધરાર થી ઝેરી ટીકડા મોઢામાં આગળા નાંખી ખવડાવી જેમાં મણીબેન તથા પિયુષ તથા છોકરી રવિનાનું મોત નીપજાવ્યુ અને નીલેશ બચી ગયેલ હોય જેને મારી નાખવાની કોશીશ કર્યાનો ગુન્હો કરેલાનુ તપાસના અંતે પડેલ પુરવા ઉપરથી, ફલીત થતા આ કામના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબનો ગુનો કર્યો હોવાનું તહોમત છે.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે સૌપ્રથમ **આંક–૧૧ થી સાહેદ નં.૧** તરીકે **પંચ સાહેદ પ્રતાપભાઇ જેઠાભાઇ બારડ**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, સને ર૦૦૩ ના વર્ષમાં તેઓને તથા કાદુભાઇ અરજણભાઇ બારડને પોલીસે દેદાની દેવળી ગામે મેણીબેનના ઘરમાં બોલાવેલા, તેઓને પંચમાં રહેવાનું છે તેમ કહેલ, આ વખતે ત્યાં પોલીસ ખાતાના માણસો તથા એફ.એસ.એલ.ના અધિકારી ઓ હાજર હતા, ત્યાં એક રૂમમાં પલંગ ઉપર ગાદલુ, ગોદડુ પડેલ હતા અને બીજા રૂમમાં પાણીયારુ તથા રસોડુ બન્ને સાથે હતુ અને ત્યાં રાંધેલુ થોડુ શાખ તથા રોટલા ખીચડી, અને રોટલી જે એક રોટલી હતી અને પહેલા રૂમમાં લોખંડના પતરાના ડબા હતા અને ત્યાં સામે એક લાકડાની માળી હતા ત્યાંથી એક પડીકી હતી જેમા રાખોડી કલરનો પાવડર હતો આ બધી વસ્તુઓ કબજે કરીને અને કબજે લઇ સહીઓ કરેલી, આ બાબતનું લખાણ લઇ તેઓની સહીઓ લીધેલી, પાણીયારા પાસે ચોકડી પાસે જોયેલુ પણ પડેલ હોય તે કાઇ યાદ આવતુ નથી, તેઓને આંક–૧ર બતાવવામાં આવેલ જેમા પહેલા પાને અને પાછળ હાંસીયામાં તેમજ પંચનામુ પુરુ થયાના છેલ્લે તેઓની સહીઓ છે તેમજ પંચ નં. ર તરીકે કાદુભાઇની તેઓની હાજરીમાં સહી કરેલી, તે ઓળખી બતાવેલ, જે આંક–૧ર થી રજુ કરેલ, તેઓની મુદ્દામાલ ચીજ વસ્તુઓ બતાવવામાં આવેલ તે જોઇને ઓળખી બતાવેલ, તેઓને મુદ્દામાલમાંથી આર્ટીકલ નં. ૧ શીલબંધ બેગી બતાવવામાં આવેલ જે શીલ તોડી ખોલી જોતા તેમાથી એક પ્લાસ્ટીકની બરણી નીકળેલ છે જેમા બહારથી જોતા થોડી જામેલી માટી જેવુ દેખાય છે, જે જોઇને જણાવે છે કે તે તેઓની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી કબજે લીધેલ જે ઓળખી બતાવેલ, આ બેગીની અંદરથી એક કાગળની સલીપ નીકળેલ છે, જે સ્લીપમાં તેઓની તથા કાદુભાઇની સહીઓ છે જે તેઓએ ઓળખી બતાવેલ, જે આંક–૧૩ થી રજુ કરેલ, તેઓ મુદ્દામાલ આર્ટીકલ નં. ર ની શીલબંધ બેગી બતાવવામાં આવેલ, જે શીલ તોડી ખોલી જોતા તેમાંથી સફેદ પારદર્શક પ્લાસ્ટીકની

બરણી નીકળેલ છે તેમાં થોડી છુટી માટી જણાય છે તે જોઇને જણાવેલ છે કે તે તેઓની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી કબજે લીધેલ, આ બેગી સાથે એક કાગળની સ્લીપ નીકળેલ છે જેમા તેઓની તથા કાદુભાઇની સહીઓ છે, જે તેઓએ ઓળખી બતાવેલ, જે આંક–૧૪ થી રજુ કરેલ, તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ ની શીલબંધ બેગી બતાવવામાં આવેલ જે શીલ તોડી ખોલી જોતા તેમાંથી એક સફેદ પરદર્શક પ્લાસ્ટીકની બરણી નીકળેલ છે આ બરણીમાં રાખોડી કલરનો પદાર્થ જેવા પાવડર છે અને તેમા એક કાગળનું પેકેટ તુટેલુ જોવા મળે છે જેના ઉપર અંગ્રજીમા કવી કફોસ લખેલુ છે તે જોઇને કહેલ કે તે પણ બનાવ વાળી જગ્યાએથી તેઓની હાજરીમાં કબજે લીધેલ, આ બરણી સાથે એક કાગળની સ્લીપ નીકળેલ છે જેમા તેઓની તથા કાદુભાઇની સહીઓ છે જે જોઇને ઓળખી બતાવેલ, જે આંક–૧૬ થી રજુ કરેલ, તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં. ૬ ની શીલબંધ બેગી બતાવવામાં આવેલ જે શીલ તોડી ખોલી જોતા તેમા એક પ્લાસ્ટીકમા વીટેલ કાગળમાં રાખોડી કલરનું થોડો પાવડર નીકળેલ જે જોઇને જણાવેલ કે તેઓની હાજરીમાં પંચનામા દરમિયાન કબજે લીધેલ, આ પ્લાસ્ટીકની થેલી સાથે એક કાગળની સ્લીપ નીકળેલ છે, જે સ્લીપ જોઇને જણાવેલ કે તેમા તેઓની તથા બીજા પંચ કાદુભાઇની સહીઓ છે જે ઓળખી બતાવેલ, જે આંક–૧૭ થી રજુ કરેલ.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા સદર પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ, જેમા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ બનાવવાળા સ્થળથી આશરે ૨૫૦ થી ૩૦૦ મીટર દુર રહે છે, તેઓના રૂબરૂમા કરેલુ પંચનામુ સાંજના ત્રણેક વાગે કરવામાં આવેલ હતુ, જે સાડા ચાર વાગ્યા સુધી ચાલેલુ, તેઓને પોલીસવાળા બોલાવવા આવેલા તે કોણ હતા તેનુ નામ તેઓને ખબર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓને જે પોલીસ વાળા બોલાવવા આવેલ હતા તેને તેઓ ઓળખતા ન હતા કે તે પોલીસ વાળા ભાઇ તેઓને ઓળખતા ન હતા, એ વખતે ત્યા દેવળી ગામના લગભગ આઠેક માણસો ભેગા થયેલ હતા, આ પંચમાં તેઓને એક જ

વખત બોલાવવામાં આવેલ તે બાદ કયારેય તેઓને બોલાવવામાં આવેલ નથી, પંચનામુ તપાસનીસ અધિકારી લખતા હતા કે તેના રાઈટર લખતા હતા તે તેઓને ખબર નથી, તેઓ ત્યાં ગયા ત્યારે પંચનામામાં સહી કરવાનું તેઓને સાહેબે જણાવેલ કે તેમના રાઈટરે જણાવેલ તે તેઓને યાદ નથી, તેઓને સાહેબ અથવા તો રાઈટરે કહેતા પંચનામામાં સહી કરેલી, તે સીવાયની બીજી ચીઠીઓ હતી તેમા પણ સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. તેઓને એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ચીઠીઓમા સહી લીધેલી તે પ્લાસ્ટીકના ડબાઓ ઉપર કઈ જગયાએ ચોંડેલ તેની તેઓને ખબર નથી. ગુજરનાર મણીબેન તેઓના દુરના કાકી થાય છે.

આમ, પંચ સાહેદની જુબાની વંચાણે લેતા ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ તેમની હાજરીમાં કરાયેલ જેમા સ્થળ પરની સ્થીતી અંગેની નોંધ પંચનામાં કરાવેલ તેની હકિકતોને સમર્થન આપી સ્થળ પર પડેલી ચીજવસ્તુઓ એફ.એસ.એલ. અધિકારીશ્રીએ બનાવવાળી જગ્યાએથી કબજે લીધેલી તેની મુદ્દામાલ પાવતીઓ તેમજ આંક–૧૨ ના પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે. પરંતુ સદરહુ કબજે લીધેલી ચીજવસ્તુઓના એફ.એસ.એલ. રીપોર્ટ શું ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે છે કે કેમ તે અંગે વધુ ચર્ચા કરેલ છે. જે મુજબ આ સાહેદનો પુરાવો ફરિયાદપક્ષના કેસના સમર્થનમાં અને આરોપી વિરુધ્ધ વંચાણે લઈ શકાય કે કેમ તેનો નિર્ણય થઈ શકે.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે **આંક–૧૮ થી સાહેદ નં.૨** તરીકે **પંચ સાહેદ કાદુભાઈ અરજણભાઈ બારડ**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૦૩ ની સાલમાં પોલીસે તેઓને તથા પ્રતાપભાઈ જેઠાભાઈને દેવાની દેવળી ગામે આ કામે મરણ જનાર મણીબેનના ઘરે પંચમાં બોલાવેલ, આ મકાન બે રૂમનું હતુ એક રૂમમાં પલંગ અને ગાદલુ પડેલ હતુ અને નીચે ભોયતળીયે ગારનું લીપણ કરેલુ હતુ, રૂમમાં એક જગ્યાએ દવાની ટીકડી જે ભુખરા રંગની રાખોડીયા જેવી

હતી આ ટીકડી કવીકફોસ નામની હતી અને તેમાથી વાસ આવતી હતી અને તેમાથી જેરી દવાની વાસ આવતી હતી અને આ ટીકડી પોલીસવાળાએ પેકીંગ કરીને કબજે લીધી હતી, બીજા રૂમમાં તપેલા અને તેમા થોડુ સેવ ટમેટાનું શાક હતુ તેમજ રોટલી હતી, તેમા પણ પાવડરની વાસ આવતી હતી, તેઓએ જોયેલુ અને પંચનામામા સહી કરેલી અને રૂમમાં નીચે ગાર માટીના લીપણ પાસે પાવડર જેવુ પડેલ હતુ જે ત્યાથી લઇ પોલીસે કબજે લીધેલ, આ બાબતનું પંચનામુ કરેલુ અને તેમા તેઓએ તથા પ્રતાપભાઈએ સહીઓ કરેલી, તેઓને આંક–૧૨ નું પંચનામુ બતાવવામાં આવેલ જેના પ્રથમ પાનાના પાછળના ભાગે હાંસીયામા તેમજ પંચનામુ પુરુ થયાના છેલ્લા તેઓની તથા બીજા પંચ પ્રતાપભાઇ જેઠાભાઈની સહીઓ છે જે ઓળખી બતાવેલ, તેઓને આંક–૧૩ ની કાગળની સ્લીપ બતાવવામાં આવેલ જેમા તેઓની તથા પ્રતાપભાઇ જેઠાભાઈની સહીઓ છે જે ઓળખી બતાવેલ, તેઓને આંક–૧૪ થી ૧૭ ની કાગળની સ્લીપો બતાવવામાં આવેલ તેમા પણ તેઓની તથા પ્રતાપભાઈ જેઠાભાઈની સહીઓ છે જે ઓળખી બતાવેલ, તેઓને તથા પ્રતાપભાઈ જેઠાભાઈને તે જ દિવસે પોલીસે બપોરના ફરીથી આ મણીબેનના રહેણાંક મકાને પંચમાં બોલાવેલા ત્યારે ત્યાં ધનીબેન બચુભાઈ હાજર હતા અને આ વખતે ત્યાં તપેલીમાં શાખ સેવ ટમેટા જેવુ હતુ તે તથા રોટલી તથા એક તપેલીમાં પાવડર પડેલ હતો તે પોલીસે કબજે લીધેલ તેમજ શાખ રોટલી કબજે લીધેલ આ બાબતનુ પંચનામુ કરેલ, તેમા તેઓએ તેઓની સહીઓ કરેલી તેઓને આંક–૧૯ બતાવવા માં આવેલ જેમા પાછળના પાને તેઓની તથા બીજા પંચ પ્રતાપભાઇ જેઠાભાઈની સહી ઓળખી બતાવેલ, તેઓની મુદ્દામાલ જે કબજે લીધેલ તે બતાવવામાં આવેલ તે ઓળખી શકે, તેઓને મુદ્દામાલમાથી એક સફેદ પારદર્શક પ્લાસ્ટીકની બરણી બતાવવામાં આવેલ આ બરણીમાં થોડીક માટી છુટી દેખાય છે તે જોઇને જણાવે છે કે, તે તેઓની હાજરીમા બનાવવાળી જગ્યાએથી કબજે લીધેલ છે, તેઓને મુદ્દામાલમાથી એક

પ્લાસ્ટીકની પારદર્શક બરણી બતાવવામાં આવેલ આ બરણીમાં છુટો રાખોડી કલરનો પાઉડર તથા કવીકફોસ નામના રેપરવાળુ કાગળ તે જોઇને જણાવે છે કે તે પંચનામા દરમિયાન કબજે લીધેલ છે, તેઓને મુદ્દામાલમાથી સફેદ પ્લાસ્ટીકની પારદર્શક બરણી બતાવવામાં આવેલ તેમા થોડો સુકાઇ જામી ગયેલ જેવો પદાર્થ દેખાય છે તે જોઇને જણાવેલ કે તે તેઓની હાજરીમાં કબજે લીધેલ, તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫ ની કપડાની શીલબંધ બેગી બતાવવામા આવેલ જે શીલ તોડી ખોલી જોતા તેમા એક પ્લાસ્ટીકનું કાગળ નીકળેલ છે અને તે ખોલતા તેમા કાટ ખાઇ ગયેલ જોવા સુકાય ગયેલ પદાર્થ જોવા મળેલ છે આ અ◌ાર્ટીકલ નં. ૬ નો મુદ્દામાલ બતાવતા જે કાગળમાં રાખોડી કલરનો થોડો પાવડર નીકળેલ છે તે જોઇને જણાવેલ કે તે બનાવવાળી જગ્યાએથી પંચનામાની વિગતે કબજે લીધેલ જે ઓળખી બતાવેલ.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા સદર પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ, જેમા તેઓએ સ્વીકારેલ છે કે, ગુજરનાર મણીબેન તેઓના કાકી થતા હતા, તેઓનું વાડીએ રહેણાંક મકાન આવેલ છે, તેઓની વાડીએ કોઇ બોલાવવામાં આવેલ ન હતુ પરંતુ સ્થળ ઉપર તેઓ હાજર હતા, એક પંચનામુ સવારના સાતેક વાગ્યાની આસપાસ થયેલુ, બીજુ પંચનામુ બપોરના ત્રણ વાગ્યા પછી થયેલ હતુ, ગુજરનાર મણીબેનની બાજુમાં ધનીબેનનું મકાન છે અને બનાવવાળા મકાનની પુર્વ બાજુ માલા નારણનુ મકાન છે અને તેની બાજુમાં બાબુ જીવાનું મકાન છે, મણીબેનના મકાનની બાજુમા કોઇ દુકાનો આવેલી નથી, મણીબેનના મકાન દક્ષીણ બારણાવાળા આવેલા છે અને તેમા બે ઓરડા આવેલા છે, પોલીસવાળાએ આ ઓરડામાંથી નીચે પડેલી વસ્તુ તથા તપેલીમાંથી વસ્તુ લીધેલ હતી અને એ તમામ પ્લાસ્ટીકની કોથળીઓમાં ભરેલ હતી. પોલીસવાળાએ ઠામ વાસણ કબજે લીધેલ ન હતા, ઠામ વાસણોમાં ઝેરી પદાર્થની વાસ આવતી ન હતી, સવારે પ્રથમ પંચનામા વખતે જ પોલીસે આ મકાનમાંથી તમામ વસતુ કબજે લઇ લીધેલ, આ મણીબેન ગુજરી

ગયાની તેઓને સવારે ચારેક વાગ્યે ખબર પડેલ હતી, આ પંચનામાઓ વખતે તેઓના ગામના પંદરથી વીસ અન્ય શખ્સો પણ હતા, મણીબેનના મકાનનો આગળ ડેલી કે વંડો ન હતો. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેઓની રૂબરૂ બન્ને પંચનામાઓ કરવામાં આવેલા નથી, પંચનામાઓ વખતે તેઓ હાજર ન હતા કે તેઓની હાજરીમાં પોલીસે કોઇ વસ્તુ કબજે કરેલ નથી, પરંતુ પોલીસે પંચનામાઓ તૈયાર કર્યા બાદ તેઓએ સહીઓ કરેલી છે.

આ પંચ સાહેદની જુબાની વંચાણે લેતા તેઓ સ્થાનિક જગ્યાના પંચનામાના સાહેદ છે. જેમની હાજરીમાં પોલીસે સ્થળ ઉપરથી દવાની ટીકડીઓ પેકીંગ કરી કબજે લીધેલી, જેમાંથી દવાની વાસ આવતી હતી. સદર જગ્યાએ બીજા રૂમમાં સેવ ટામેટાનું શાક અને રોટલી હતી તેમા પણ પાઉડરની વાસ આવતી હતી. સાહેદે આંક–૧૨ ના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તેમજ મુદામાલ તપાસ અર્થે કબજે લીધેલ તેની પાવતીઓમાં સહીઓ ઓળખી બતાવેલ છે. પોલીસે આ કામે શાક રોટલી કબજે લીધેલ તેના આંક–૧૯ ના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. સદરહુ મુદામાલનો પ્રકાર ધ્યાને લેતા પણ તેઓ એફ.એસ.એલ.નો રીપોર્ટ વંચાણે લીધા બાદ તે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપે છે કે કેમ તે નકકી કરી શકાય. વળી સદરહુ ચીજવસ્તુઓ માંથી ઝેરી વાસ આવતી હતી તેવુ દલીલને ખાતર માની લઇએ તો પણ તે ચીજવસ્તુઓ આરોપી આ ગુન્હાને આચરવા માટે લાવેલ હોવાનું સાબિત થવુ જરૂરી છે.

(૧૬) આ કામે ફરીયાદપક્ષે **આંક–૨૦ થી સાહેદ નં.૩** તરીકે **પંચ સાહેદ રામજીભાઇ લાખાભાઇ ધારેચા**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આઠેક વર્ષ પહેલા પોલીસે તેઓને કોડીનાર પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને તૈયાર લખાણવાળા કાગળમાં પંચ તરીકે સહી કરવાનું કહેતા તેઓએ સહીઓ કરી આપેલી, આ

પંચનામા કઈ બાબતના હતા તેની તેઓને ખબર નથી, પોલીસને તેઓએ પુછેલ નહી કે પોલીસે તેઓને કાઇ જણાવેલુ નહી, તેઓને આંક–૨૧ બતાવવામાં આવેલ જેમા પાછળના પાને તેઓની સહી છે જે ઓળખી બતાવેલ, આ પંચનામાને સહી પુરતો આંક–૨૧ આપવામાં આવેલ તેઓને આંક–૨૨ અને ૨૩ બતાવવામાં આવેલ જેમા પાછળના પાને છેલ્લે તેઓની સહીઓ છે જે ઓળખી બતાવેલ આ બન્ને પંચનામાઓને સહી પુરતો અનુક્રમે આંક–૨૨ અને ૨૩ આપવામાં આવેલ, તેઓએ સહી કરી ત્યારે પોલીસવાળા સીવાય બીજુ કોઈ ત્યા હાજર ન હતુ, તેઓને મુદામાલ બતાવવામાં આવલ તે ઓળખી શકે નહી તે તેઓની હાજરીમાં કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, તેઓને મુદામાલ આર્ટીકલ નં. ૭ ની કાપડની બેગી બતાવવામાં આવેલ આ બેગીમાંથી એક શર્ટ ક્રીમ કલરનું મરુન કલરની લાઈનીંગ વાળુ ચોકડી વાળુ નીકળેલ છે તથા અને તેની સાથે એક કાગળની સ્લીપ નીકળેલ છે આ કાગળની સ્લીપમાં તેઓની સહી છે જે ઓળખી બતાવેલ, જે આંક–૨૪ થી રજુ કરેલ, આ મુદામાલ વાળા શર્ટ બાબતે તેઓ કાઈ જાણતા નથી, તેઓને મુદામાલ માંથી આર્ટીકલ નં. ૮ ની કપડાની સફેદ શીલબંધ બુેગી બતાવવામાં આવેલ જે શીલ તોડી ખોલી જોતા તેમાંથી એક પીળા તથા વાદળી બ્લુ કલરમા ફ્રોક નીકળેલ છે આ ફ્રોક બાબતે તેઓ કાઈ જાણતા નથી, આ કાપડની બેગી ઉપર એક કાગળની સ્લીપ ચોટાડેલ છે, જેમા તેઓની સહી છે જે ઓળખી બતાવેલ, જે આંક–૨૫ થી રજુ કરેલ, તેઓને મુદામાલ આર્ટીકલ નં. ૯ નું પુઠાનું એક શીલબંધ બોક્સ બતાવવામાં આવેલ જેનું શીલ તોડી ખોલી જોતા તેમાથી ચણીયો તથા બ્લાઉઝ નીકળેલ છે આ બોક્સ બાબતે તેઓ કાઈ જાણતા નથી, આ બોક્સ ઉપર એક સફેદ કાગળની સ્લીપ ચીટકાવેલ છે જેમા તેઓની સહી છે જે ઓળખી બતાવેલ, આ બોક્સ ઉપર મણીબેદ દાનસીંગ બારડ બ્લાઉસ તથા ચણીયો લખેલ છે સ્લીપને અ ાંક–૨૬ આપવામાં આવેલ તેઓ આરોપીને ઓળખતા નથી, તેઓની હાજરીમાં કોઇને અટક કરેલ નથી.

એવુ બનેલ નથી કે, તેઓની હાજરીમાં પોલીસે મુદ્દામાલ વાળા કપડા કબજે લીધેલ હોય તે કોઇ બોકસ કબજે લીધેલ હોય.

સદર પંચ સાહેદે પંચનામાંની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચનામાંને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા સદર પંચ સાહેદની કોઇ ઉલટતપાસ કરેલ નથી.

આમ, સદર પંચ સાહેદનો સમગ્ર પુરાવો જોતા સદર સાહેદે આંક– ૨૧ અને આંક– ૨૨ થી રજુ થયેલ મરણજનાર પીયુષ, રવીના તથા મણીબેનની લાશ પરના કપડા કબજે કર્યાના પંચનામામાં પંચ તરીકે તેમની સહી સીવાય પંચનામાની અન્ય કોઇ હકિકતોને સમર્થન આપેલ નથી તેમજ આંક–૨૩ થી રજુ થયેલ અટક પંચનામામાં તેમની સહી સીવાય પંચનામાની અન્ય કોઇ હકિકતોને સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ, જેથી આ પંચ સાહેદની જુબાનીથી ઉપરોકત પંચનામાંઓના મજકુરો અને સંપાદનો પુરવાર થતા નથી.

(૧૭) આ કામે ફરીયાદપક્ષે **આંક–૨૭ થી સાહેદ નં.૪** તરીકે **પંચ સાહેદ કાનજીભાઇ રામજીભાઇ બેલડીયા**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આઠેક વર્ષ પહેલા તેઓને કોડીનાર પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને તૈયાર લખાણવાળા કાગળોમાં પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહીઓ કરી આપેલી, આ લખાણ કઇ બાબતનું હતુ તેની તેઅોને ખબર નથી, પોલીસને તેઓએ પુછેલુ નહી કે પોલીસે તેઓને કાઇ જણાવેલુ નહી, તેઓને આંક–૨૧, ૨૨ અને ૨૩ ના પંચનામાઓ બતાવવામાં આવેલ જેમા તેઓની સહીઓ છે જે ઓળખી બતાવેલ, પંચનામા સમયે તેઓ સીવાય બીજુ કોઇ ત્યા હાજર ન

હતુ, તેઓને કાગળની પંચ સ્લીપો બતાવવામાં આવેલ જેમા તેઓની સહી ઓળખી બતાવેલ, તેઓને કબજે કરેલ મુદ્દામાલ કપડા બતાવવામા આવેલ તે બાબતે તેઓ કાઇ જાણતા નથી કે અગાઉ કયારેય જોયેલા નથી. એવુ બનેલ નથી કે પોલીસ સ્ટેશનમાં તેઓને બોલાવેલ ત્યારે કોઇ વ્યકિત હાજર હતા અને તેઓએ કોઇ કપડાઓ કે કોઇ બોકસ રજુ કરેલ હોય તેમજ તેઓની હાજરીમાં કોઇએ અટક કરેલ હોય તેવુ બનેલ નથી.

સદર પંચ સાહેદે પંચનામાંની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચનામાંને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા સદર પંચ સાહેદની ઉલટતપાસ કરતા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામા સહીઓ કરેલ છે તે સીવાય તેઓ આ પંચનામા વીશે કાંઇ જાણતા નથી.

આમ, સદર પંચ સાહેદનો સમગ્ર પુરાવો જોતા સદર સાહેદે આંક– ૨૧ અને આંક– ૨૨ થી રજુ થયેલ મરણજનાર પીયુષ, રવીના તથા મણીબેનની લાશ પરના કપડા કબજે કર્યાના પંચનામામાં પંચ તરીકે તેમની સહી સીવાય પંચનામાની અન્ય કોઇ હકિકતોને સમર્થન આપેલ નથી તેમજ આંક–૨૩ થી રજુ થયેલ અટક પંચનામામાં તેમની સહી સીવાય પંચનામાની અન્ય કોઇ હકિકતોને સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ, જેથી આ પંચ સાહેદની જુબાનીથી ઉપરોકત પંચનામાંઓના મજકુરો અને સંપાદનો પુરવાર થતા નથી.

(૧૮) આ કામે ફરીયાદપક્ષે **આંક–૨૮ થી સાહેદ નં.૫** તરીકે **પંચ સાહેદ દિપકભાઇ મોહનભાઇ દોરીયા**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આઠેક વર્ષ પહેલા વેરાવળ પોલીસે તેઓને તથા કુલદીપસિંહ અભેસીંગ તથા માલીબેન સરમણભાઇને

વેરાવળ સરકારી દવાખાને પંચમાં બોલાવેલ ત્યાં દેવળી ગામના જેસીંગ ભાઇ ઉકાભાઇ હાજર હતા અને આ દવાખાનામાં પલંગ પર રવીનાબેન ઉ.વ.પ તથા પીયુષ દાનસીંગભાઇ ઉ.વ.૯ વાળાની લાસો પડેલ હતી જે તેઓ ત્રણેય પંચોએ જોયેલી જેમા રવીનાબેનના નાક તથા હોઠ ઉપર ચીકણુ પ્રવાહી જમી ગયેલ હતુ અને માલીબેને આ રવીનાબેનના ગુપ્ત ભાગે તપાસ કરેલી પરંતુ ત્યા કોઇ વાંધા જનક જોવા મળેલ નહી, તેવુ માલીબેને તેઓને જણાવેલુ બાદ પીયુષની લાશ જોયેલી જેના શરીર ઉપર કે ગુપ્ત ભાગે કોઇ વાંધા જનક નીશાનો જણાયેલ નહી, આ બન્ને બાળકના મોત તેઓને પેટમાં ઝેરી દવા જવાથી મરણ થયેલાનું લાગેલુ પોલીસે બન્ને લાશોનું પી.એમ. કરવા કબજે લીધેલ આ બાબતનું વિગતવારનું પંચનામુ કરી પોલીસે તેઓ ત્રણેય પંચોની સહીઓ લીધેલી, તેઓને આંક–૨૯ બતાવવામાં આવેલ જેમા પ્રથમ પાનાના પાછળના ભાગે હાસીયામા તથા પંચનામુ પુરુ થયાના છેલ્લે તેઓની તથા બીજા પંચોની સહીઓ છે જે ઓળખી બતાવેલ જે આંક–૨૯ થી રજુ કરેલ

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા સદર પંચ સાહેદની ઉલટતપાસ કરતા તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામાના દિવસે તેઓ સમાજ સેવાના કામ કરતો હોય તેથી તે દિવસે દવાખાને ગયેલ હતો, આવા કોઇ આકસ્મીક બનાવ હોય તો તેવા કીસ્સાઓમાં તેઓ દવાખાને જઇ પંચનામામાં સહીઓ કરે છે અને તે રીતે પોલીસને સાથ સહકાર આપે છે, પોલીસે પંચનામુ લખી લીધેલુ અને તે બાદ તેઓની સહી લીધેલી, આ સીવાય બીજુ તેઓ કાઇ જાણતા નથી.

આમ, સદર પંચ સાહેદનો સમગ્ર પુરાવો જોતા સદર સાહેદે આંક–૨૯ થી રજુ થયેલ મરણજનાર પીયુષ, રવીના તથા મણીબેનની લાશ પર કોઇ બાહય ઇજાના નિશાનો જોવા મળતા ન હોવાનો પુરાવો આપે છે તેઓએ તેમની જુબાનીમાં પોલીસે તેઓનું પંચનામુ લખી લીધેલુ અને તે બાદ તેઓની સહી લીધેલ હોવાનું અને આ સીવાય બીજુ તેઓ કાઇ જાણતા ન હોવાનું જણાવેલ છે.

(૧૯) આ કામે ફરીયાદપક્ષે **આંક–૭૭ થી સાહેદ નં.૬** તરીકે **ફરિયાદી ધનીબેન બચુભાઇ બારડ**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આ કામે મરણજનાર મણીબેન તેઓની દેરાણી થાય છે. આ તેઓની દેરાણીવાળો બનાવ અઠાર ઓગણીસ વર્ષ અગાઉ બનેલો. આ તેઓની દેરાણી દેવળી ગામે તેઓના ઘરની બાજુમાં રહેતા હતા. આ મણીબહેન મરણ ગયેલ તેના દોઢ બે વર્ષ અગાઉ તેમના પતિ દાનાભાઇ અવસાન પામેલ હતા. તેઓની દેરાણી મણીબહેને તેના લગ્ન જીવનથી બે દીકરા અને એક દીકરી થયેલ હતા. જેમા સૌથી મોટો દીકરો પીયુષ, તેનાથી નાનો દીકરો નિલેષ અને સૌથી નાની દીકરી રવિના હતી. આ બનાવમાં મણીબહેનનો દીકરો પીયુષ અને દીકરી રવિના પણ મરણ ગયેલ છે. બનાવ વખતે પીયુષ બાર તેર વર્ષની ઉંમરનો હતો અને નિલેષ દસેક વર્ષનો હતો અને રવિના સાત આઠ વર્ષની હતી. બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતી તે વખતે આ તેઓની દેરાણી મણીબહેનનો દીકરો પીયુષ દોડતો દોડતો તેઓના ઘરે આવેલો અને તેઓને વાત કરેલ કે, ''મારા મમ્મી બોલતા નથી, માં તમે મારા ઘરે આવો." જેથી તેઓ તેમના દેરાણીના ઘરે ગયેલી આ વખતે રાતના દસેક વાગ્યાનો સમય થયેલ હશે અને તેઓના દેરાણીના ઘરમાં લાઇટ બંધ હતી અને નીચે બલ્બના કાચ પડેલ હતા. તેઓએ તેમની દેરાણીને જોતા તે ઘરમાં ખાટલા ઉપર મરણ ગયેલ હતી. તેઓએ પીયુષને તેમના સગા કુટુંબને બોલાવવા માટે મોકલેલો અને તે અડધે રસ્તે પહોંચીને રસ્તામાં પડી ગયેલ અને મરણ ગયેલ અને નીલેષ તેઓના ઘરે પહોંચી ગયેલો અને રવિનાને તથા પીયુષને કોડીનાર રા.ના.વાળા હોસ્પીટલમાં લઇ ગયેલ હતા. પીયુષને ડોકટર સાહેબે મરણ ગયેલાનું જાહેર કરેલુ અને રવિનાને વધુ સારવાર માટે વેરાવળ લઇ જવાનું કહેતા આજુબાજુના પડોશીઓ વેરાવળ દવાખાને લઇ જતા હતા અને તેનું રસ્તામાં મોત થઇ ગયેલુ. નિલેષ તેઓના ઘરમાં આવ્યા બાદ તેને સંડાસ થઇ ગયેલ અને ઉલ્ટી કરતો હતો તેથી તેને પણ

આડોશ પડોશના માણસો દવાખાને લઇ ગયેલા અને તેને રાજકોટ મુકામે પણ દવાખાને લઇ ગયેલા. તેને કોણ દવાખાને લઇ ગયેલુ તે હાલમાં તેઓને યાદ નથી. રાજકોટ મુકામે નિલેષને પંદરેક દિવસ સારવારમાં રાખેલો અને ત્યારબાદ તે ઘરે આવેલો. નિલેષ રાજકોટથી સારવાર કરાવી તેના મામાના ઘરે આવેલો જેથી તેઓ ત્યાં ગયેલી અને નિલેષને કઇ રીતે બનાવ બનેલો તે પુછતા તેણે કહેલ કે, મને તથા મારી મમ્મીને તથા પીયુષ અને રવિનાને માનસીંગ લખમણે ધરારથી અનાજમાં નાખવાના મોટા ટીકડા ખવડાવી દીધેલ હતા. આ માનસીંગ લખમણને તેઓની દેરાણી સાથે પ્રેમ સંબંધ હોય તેથી તે અવારનવાર તેના ઘરે આવતો જતો હતો. તે પીપળવા ગામનો વતની છે. તેઓને સૌપ્રથમ એવુ લાગેલુ કે, આ મણીબહેને પોતે તેની જાતે તેના બાળકોને ઝેરી દવા પીવડાવી અને પોતે પણ ઝેરી દવા પી મરણ ગયેલ છે જેથી તેઓએ પોલીસમાં તે મતલબની ફરિયાદ આપેલ હતી. તેઓને કોર્ટના રેકર્ડ માંથી અસલ એફ.આઇ.આર. બતાવવામાં આવેલ જેમા તેઓની સહી ઓળખી બતાવેલ, જે આંક–૭૮ થી રજુ કરેલ, આ માનસીંગ બનાવ વખતે કુંવારો હતો. પોલીસે તેઓની પુછપરછ કરી તેઓનો જવાબ લીધેલો. તેઓ આ માનસીંગને ઓળખે છે, તેઓને કોર્ટના રેકર્ડમાંથી આરોપી માનસીંગ નો ચહેરા નિશાન પત્રક બતાવવામાં આવેલ જે જોઇને કહેલ કે તેમા જે ફોટો ચોંટાડેલ છે તે માનસીંગનો જ છે. આ તેઓની દેરાણીનો દીકરો નિલેષ હાલ તેના મામા ના ઘરે ભુચરવાડા મુકામે રહે છે.

આમ સદર ફરિયાદીના પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે, તેમનો પુરાવો સાંભળેલી હકિકતો આધારિત છે. બનાવમાં આરોપીની સંડોવણી અંગે વિરોધાભાસી નિવેદનો આપેલા છે. આ બનાવમાં ભોગ બનનારનુ મૃત્યુ થયાનું અને શારીરિક રોગ નિપજાવ્યાનું માની લેવામાં આવે તો પણ તેવુ ગુન્હાહિત કૃત્ય આરોપીએ કરેલાનું નિ:શંકપણે સાબિત થવાનું જરૂરી છે. તે સીવાય આ સાહેદનો પુરાવો પ્રત્યક્ષ કે વિશ્વસનીય કે સમર્થનકારી ગણી શકાય નહી.

(૨૦) આ કામે ફરીયાદપક્ષે **આંક–૮૨ થી સાહેદ નં.૭** તરીકે **સાહેદ વાલીબેન કરશનભાઈ વાળા**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આ કામે મરણજનાર મણીબેન તેઓની દીકરી થાય છે. આ તેઓની દીકરીવાળો બનાવ ઘણા વર્ષો અગાઉ બનેલો. આ તેઓની દીકરી દેવળી ગામે તેમના ઘરવાળા દાનસીંગની સાથે રહેતી હતી. આ મણીબહેન મરણ ગયેલ તેના દોઢ બે વર્ષ અગાઉ તેમના પતિ દાનાભાઈ અવસાન પામેલ હતા. તેઓની મણીબહેને તેના લગ્ન જીવનથી બે દીકરા અને એક દીકરી થયેલ હતા. જેમા સૌથી મોટો દીકરો પીયુષ, તેનાથી નાનો દીકરો નિલેષ અને સૌથી નાની દીકરી રવિના હતી. આ બનાવમાં મણીબહેનનો દીકરો પીયુષ અને દીકરી રવિના પણ મરણ ગયેલ છે. બનાવ વખતે પીયુષ બાર તેર વર્ષની ઉંમરનો હતો અને નિલેષ દસેક વર્ષનો હતો અને રવિના સાત આઠ વર્ષની હતી. નીલેષ હાલ હયાત છે. બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતી તે વખતે આ તેઓની દીકરી મણીબહેનને ત્યાથી તેના કુટુંબમાંથી કોઇ છોકરો તેઓના ઘરે આવેલો અને તેઓને જાણ કરેલ કે, નીલેશને સરકારી દવાખાને જુનાગઢ લઇ ગયેલા છે. ત્યારબાદ કોડીનાર આવેલી તેઓને તેઓની દીકરીએ બનાવ બાબતે કાઈ જણાવેલ નથી. હાલ ઘણો સમય થયેલ હોય તેઓને યાદ પણ નથી. તેઓ દેવળી ગામે આવેલ ત્યારે નીલેષ દવાખાને હતો. આ કામના આરોપી માનસીંગભાઇ તેઓની દીકરીના ઘરે બેસતો હતો નીલેશ, પીયુષ અને છોકરી રવીનાને દવા પાઇ દીધેલ હતી જેથી પીયુષ અને રવીના ગુજરી ગયેલા. નીલેષને રાજકોટ લઇ ગયેલા અને તેના મોઢામા આંગળી નાખીને દવા કાઢી નાખેલી જેથી બચી ગયેલો. તેઅો માનસીંગને ઓળખતી નથી. પરંતુ નીલેશના કહેવાથી તેઓને તે અંગેની જાણકારી મળેલી. જયોત્સના તેઓની બેનની દીકરી છે. માનસીંગ અને તેઓની દીકરી વચ્ચે શુ સંબંધ હતો તેની તેઓને ખબર નથી. બીજુ તેઓ કાઈ જાણતી નથી. કરશન સોમાભાઇ વાળા તેઓ પતિ થતા હતા. જે સને

૨૦૦૪ મા ગુજરી ગયેલ છે.

સદર સાહેદએ ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

આમ સદર સાહેદ એ હીયરસે સાહેદ છે, આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી. તેઓએ તેમની સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતા તે વખતે આ તેઓની દીકરી મણીબહેનને ત્યાથી તેના કુટુંબમાંથી કોઇ છોકરો તેઓના ઘરે આવેલો અને તેઓને જાણ કરેલ કે, નીલેશને સરકારી દવાખાને જુનાગઢ લઇ ગયેલા છે ત્યારબાદ કોડીનાર આવેલી તેઓને તેઓની દીકરીએ બનાવ બાબતે કાઇ જણાવેલ નથી, હાલ ઘણો સમય થયેલ હોય તેઓને યાદ પણ નથી. તેઓએ એવુ જણાવેલ છે કે, તેઓ દેવળી ગામે આવેલ ત્યારે નીલેષ દવાખાને હતો અને નીલેશ, પીયુષ અને છોકરી રવીનાને દવા પાઇ દીધેલ હતી જેથી પીયુષ અને રવીના ગુજરી ગયેલ. પરંતુ કોણે દવા પાઇ દીધેલ તે અંગે કોઇ સ્પષ્ટ હકિકત જણાવતા નથી. તેઓ માનસીંગભાઇને ઓળખતા નથી. પરંતુ નીલેશના કહેવાથી તેઓને તે અંગેની જાણકારી મળેલી. આમ સદર સાહેદના પુરાવામાં ભારે વિસંગતતાઓ જોવા મળે છે. જેથી સદર સાહેદનો પુરાવો માનવા લાયક જણાતો નથી.

(૨૧) આ કામે ફરીયાદપક્ષે **આંક–૮૩ થી સાહેદ નં.૮** તરીકે **સાહેદ જયોત્સના બેન જેસીંગભાઇ બારડ**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આ કામે મરણજનાર મણીબેન તેઓની બેન થાય છે. આ તેઓની બેનવાળો બનાવ ઘણા વર્ષો અગાઉ બનેલો. આ તેઓની બેન દેવળી ગામે તેમના ઘરવાળા દાનસીંગની સાથે રહેતી હતી. આ મણીબહેન મરણ ગયેલ તેના દોઢ બે વર્ષ અગાઉ તેમના પતિ દાનાભાઇ અવસાન પામેલ હતા. તેઓની બેન મણીબહેને તેના લગ્ન

જીવનથી બે દીકરા અને એક દીકરી થયેલ હતા. જેમા સૌથી મોટો દીકરો પીયુષ, તેનાથી નાનો દીકરો નિલેષ અને સૌથી નાની દીકરી રવિના હતી. આ બનાવમાં મણીબહેનનો દીકરો પીયુષ અને દીકરી રવિના પણ મરણ ગયેલ છે. બનાવ વખતે પીયુષ બાર તેર વર્ષની ઉંમરનો હતો અને નિલેષ દસેક વર્ષનો હતો અને રવિના સાત આઠ વર્ષની હતી. નીલેષ હાલ હયાત છે. બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતી તે વખતે આ તેઓની બેન મણીબહેનને ત્યાથી તેના કુટુંબમાંથી કોઇ છોકરો તેઓના ઘરે આવેલો અને તેઓને જાણ કરેલ કે, નીલેશને સરકારી દવાખાને જુનાગઢ લઇ ગયેલા છે. ત્યારબાદ તેઓ દેવળી આવેલી તેઓની બેનેએ બનાવ બાબતે કાઈ જણાવેલ નથી. હાલ ઘણો સમય થયેલ હોય તેઓને યાદ પણ નથી. તેઓ દેવળી ગામે આવેલ ત્યારે નીલેષ દવાખાને હતો. નીલેષને રાજકોટ લઇ ગયેલા અને તેના મોઢામા આંગળી નાખીને દવા કાઢી નાખેલી જેથી બચી ગયેલો. તેઓ માનસીંગને ઓળખતી નથી. પરંતુ નીલેશના કહેવાથી તેઓને તે અંગેની જાણકારી મળેલી. માનસીંગ અને તેઓની દીકરી વચ્ચે શુ સંબંધ હતો તેની તેઓને ખબર નથી. બીજુ તેઓ કાઇ જાણતી નથી.

સદર સાહેદએ ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

આમ સદર સાહેદ એ હીયરસે સાહેદ છે, આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી. તેઓએ તેમની સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતા તે વખતે આ તેઓની દીકરી મણીબહેનને ત્યાથી તેના કુટુંબમાંથી કોઇ છોકરો તેઓના ઘરે આવેલો અને તેઓને જાણ કરેલ કે, નીલેશને સરકારી દવાખાને જુનાગઢ લઇ ગયેલા છે, ત્યારબાદ તેઓ દેવળી આવેલા અને તેઓની બેનએ બનાવ બાબતે કાઈ જણાવેલ નથી. હાલ ઘણો સમય થયેલ હોય તેઓને યાદ પણ નથી. તેઓએ એવુ જણાવેલ છે કે, તેઓ દેવળી ગામે આવેલ ત્યારે

નીલેષ દવાખાને હતો. નીલેશ, પીયુષ અને છોકરી રવીનાને આ કામના આરોપીએ દવા પાઇ દીધેલ હતી જેથી પીયુષ અને રવીના ગુજરી ગયેલ તે બાબતેની કોઇ હકિકત જણાવેલ નથી. તેઓ માનસીંગભાઇને ઓળખતા નથી. પરંતુ નીલેશના કહેવાથી તેઓને તે અંગેની જાણકારી મળેલી. આમ સદર સાહેદના પુરાવામાં ભારે વિસંગતતાઓ જોવા મળે છે. જેથી સદર સાહેદનો પુરાવો માનવા લાયક જણાતો નથી.

**(૨૨)**આ કામે ફરીયાદપક્ષે **આંક–૮૪ થી સાહેદ નં.૯** તરીકે **સાહેદ જયાબેન બાબુભાઇ મેર**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવા માં જણાવેલ છે કે, આ કામે મરણજનાર મણીબેન તેઓના ઘર પાડોશી થતા હતા, આ મણીબેનવાળો બનાવ ઘણા વર્ષો અગાઉ બનેલો, આ મણીબેન દેવળી ગામે તેમના ઘરવાળા દાનસીંગની સાથે રહેતી હતી, આ મણીબહેન મરણ ગયેલ તેના દોઢ બે વર્ષ અગાઉ તેમના પતિ દાનાભાઇ અવસાન પામેલ હતા, આ મણીબહેને તેના લગ્ન જીવનથી બે દીકરા અને એક દીકરી થયેલ હતા, જેના નામ તેઓને હાલ યાદ નથી, આ બનાવમાં મણીબહેનનો એક દીકરો અને એક દીકરી પણ મરણ ગયેલ છે, બનાવ વખતે તેનો એક દીકરો જે હાલ હયાત છે તે બાર તેર વર્ષની ઉંમરનો હતો અને મરણજનાર દીકરો દસેક વર્ષનો હતો અને મરણજનાર દીકરી સાત આઠ વર્ષની હતી, બનાવના દીવસે તેઓ દાડીયે ગયેલ હતી અને સાંજના દાડીયેથી પાછી આવી ત્યારે જાણવા મળેલ, તેઓ માનસીંગ લખમણ સોસાને ઓળખતી નથી કે અગાઉ કયાય જોયેલ નથી, આ મણીબેન અને તેનો દીકરો–દીકરી કયા કારણસર મરણ ગયેલ તેની તેઓને ખબર નથી, મણીબેનના જેઠાણીનુ નામ ધનીબેન છે, જે પણ તેમના પાડોશમાં રહે છે, આ ધનીબેનને તેઓને બનાવ સંબંધ કોઇ વાત કરેલ હોય અને તેઓએ પોલીસને જણાવેલ હોય તેવુ કાઇ બનેલ નથી, પોલીસવાળાએ તેઓની પુછપરછ કરેલી.

સદર સાહેદએ ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ ન હોય

તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

સદર સાહેદે તેમની જુબાનીમાં ફરિયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ નથી. તેઓઅ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આરોપી માનસીંગભાઈ લખમણભાઈ સોસાને ઓળખતા નથી કે અગાઉ કયાય જોયેલ નથી, મણીબેન અને તેઓ દિકરો દિકરી કયા કારણસર મરણ ગયેલ તેની તેઓને ખબર નથી, ધનીબેને તેઓને બનાવ સંબંધે કોઈ વાત કરેલ હોય અને તેઓએ પોલીસને જણાવેલ હોય તેવુ કાઇ બનેલ નથી. આમ સદર સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષને કોઈ સમર્થન મળતુ નથી.

(૨૩) આ કામે ફરીયાદપક્ષે **આંક–૮૫ થી સાહેદ નં.૧૦** તરીકે **સાહેદ જેસીંગભાઈ ઉકાભાઈ બારડ**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૪/૦૫/૨૦૦૩ ના રોજ તેઓ દેવળી મુકામે તેમના કાકા ગુજરી જતા તેમની ઘરે બેઠા હતા તેના ચાર દીવસ બાદ તેઓ તેમના કાકાના ઘરે બેઠા હતા ત્યારે તેઓના દુરના કાકા રામસીગ ભાઈનો મોટો દીકરો પીયુશ દોડતો આવતો તેઓ તેને મો.સા.મા બેસાડી બીજા માણસોની મદદથી રા.ના વાળા હોસ્પીટલમા લઈ ગયા, પીયુશ તથા તેની નાની બેન પણ આ ત્રણેય ભાઈ બહેનોને આ ટીકડા હોસ્પીટલમા લઈ ગયેલા, આ રા.ના વાળા હોસ્પીટલમાથી વેરાવળ સરકારી દવાખાને એબ્યુલેન્સ કરી તેઓ બધા તેને વેરાવળ સરકારી દવાખાને લઈ ગયેલા, વેરાવળ પહોચી જઈ વેરાવળ દવાખાને પીયુશ અને રવીના મરણ ગયેલા નીલેશ બેહોશ હોય વેરાવળ સરકારી દવાખાને દાખલ કરેલો, આ ત્રણેય બાળકોને ઝેરી ટીકડા માનસીંગે આપેલ હોવાનુ સાંભણેલુ પણ તેઓએ નજરે જોયેલ નહી, વેરાવળ પોલીસ વાળાએ તેઓની પુછપરછ કરેલી.

સદર સાહેદ એ હીયરસે સાહેદ છે, આ સાહેદ બનાવ નજરે જોનાર

સાહેદ નથી. તેઓએ તેમની જુબાનીમાં પીયુષ, રવીના અને નીલેશને ઝેરી ટીકડા માનસીંગે આપેલ હોવાનું સાંભળેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ હકિકત સદર સાહેદને કોણે કીધેલ તે બાબતેનો કોઈ જ ઉલ્લેખ જોવા મળતો નથી. તેઓએ બનાવ નજરે પણ જોયેલ નથી. જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય નહી.

(૨૪) આ કામે ફરીયાદપક્ષે **આંક–૮૬ થી સાહેદ નં.૧૧** તરીકે **સાહેદ ભાણાભાઈ અરજણભાઈ વાળા**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આ બનાવ સને–૨૦૦૩ મા બનેલો તે સમયે અંબુજા સીમેન્ટ ફેકટરીના ગેટ પાસે સાયકલ રીપેરીંગનો સ્ટોર હતો, દેદાની દેવળી ગામે દાનાભાઈ કાનાભાઈ બારડ તથા બચુભાઈ દાનાભાઈ બારડ તેઓના મામા થતા હતા, બનાવ સમયે તેઓના ઉપર કડવાસણ ગામના વજુભાઈનો ફોન આવતા તેઓએ મણીબેન ઝેરી દવા ખાવાથી ગુજરી ગયેલ છે, તેમના બાળકો મા બે દીકરા અને એક દીકરી હતા તેઓને પણ ઝેરી દવા ખવડાવી આપેલ તે દવા માનસીગભાઈએ આપેલ તે અંગેની માહીતી તેઓને નીલેશભાઈએ આપેલી, નીલેશના બેન રવીના તથા ભાઈ પીયુશભાઈને ઝેરી દવાની અસર થતા ગુજરી ગયેલા તેઓને રા.ના.વાળા હોસ્પીટલમા પ્રથમ સારવાર માટે લઈ ગયેલા ત્યાથી વેરાવળ લઈ ગયેલા, તેઓના મામી મણીબેન ઘરે મૃત્યુ પામેલા અને પીયુશ અને રવીના વેરાવળ મુકામે મૃત્યુ પામેલા, તેઓ આ ત્રણેય બાળકોને બીજા માણસોની મદદથી એમ્બ્યુલન્સમા વેરાવળ લઈ ગયેલો તે સમયે નીલેશ થોડો થોડો ભાનમા હતો જેથી નીલેશને સારવારમા દાખલ કરતા ભાનમા આવેલો, નીલેશને બનાવ અગે પુછતા માનસીગભાઈએ આ કૃત્ય કરેલ છે, નીલેશે વધુમા જણાવે આ ભાઈ તેમના ઘરે આવતો હતો તેની મા મણીબેનને અને તોઓને ઝેરી ટીકડા ખવડાવી લીધેલા, માનસીગભાઈ અને મણીબેનને કઈ સંબંધો હતા તેવુ વાતોવાતથી જાણવા મળેલુ, તેમજ તેઓના મામા દાનાભાઈ ગુજરી ગયેલ આ માણસ મણીબેનને ત્યા આવ

જાવ કરતો હતો, આ માનસીગ તેઓના મામા જીવતા હતા ત્યારે માનસીગ આવતો જે અંગે મામાનુ ધ્યાન દોરતા મામાએ સમજાવાનો પ્રયત્ન કરેલો, આ માનસીગ લગ્ન થવાના તૈયારીમાં હતા તે બાબતે મણીબેન સાથે બોલવાનુ થયેલુ, તે અગે કોડીનારના પી.આઇ. સાહેબે તેઓની પુછપરછ કરી તેઓનો જવાબ લીધેલો.

આ સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ મરણજનારના સગા ભાઇ છે. તેમણે પણ ગુન્હા હકિકત અંગે આપેલ પુરાવો સાંભળેલી હકિકત આધારિત હોય જેથી હિયર્સે કેટેગરીનો પુરાવો જણાય છે. વળી આ સાહેદે પણ આરોપીને ગુન્હો આચરતા પ્રત્યક્ષપણે જોયેલ નથી. તે સંજોગોમાં આ ગુન્હામાં આરોપીની સંડોવણી અંગે પ્રત્યક્ષ, વિશ્વસનીય કે સમર્થન કારી પુરાવા તરીકે વંચાણે લઇ શકાય નહી.

(૨૫) આ કામે ફરીયાદપક્ષે **આંક–૯૧ થી સાહેદ નં.૧૨** તરીકે **તબીબી સાહેદ ડો. ધીરજભાઇ મયારામભાઇ અગ્રાવત**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ એમબીબીએસ સુધીનો અભ્યાસ કરેલ છે અને છેલ્લાં ત્રીસ વર્ષથી અલગ અલગ સરકારી હોસ્પીટલ માં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવેલ છે, ગઇ તા.૦૯/૦૫ /૨૦૦૩ ના રોજ તેઓ સીએચસી કોડીનાર ખાતે મેડીકલ ઓફીસર તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા, ત્યારે તેઓની પાસે કોડીનાર પો.સ્ટે.ની લેખિત યાદી સાથે મણીબેન દાનસીંગભાઇ બારડ રે.દેદાની દેવળી તા.કોડીનાર વાળીનો મૃતદેહ ઇન્કવેસ્ટ પંચનામાની નકલ તથા મરણોતર ફોર્મ સાથે વહેલી સવારના કલાક ૩.૨૦ વાગ્યે મળેલુ, આ મૃતદેહ દેદાની દેવળી ગામેથી જે સીએચસી કોડીનાર થી આશરે બે કી.મી.થી આવેલ હતો, તેઓએ આ મૃતદેહનુ સબ પરીક્ષણ તે જ દીવસે સવારના કલાક ૯.૦૦ વાગ્યે શરુ કરી તે જ દીવસે સવારના કલાક ૧૧.૨૦ વાગ્યે પુર્ણ કરેલુ, શબનુ બ્રાહ્ય પરીક્ષણ કરતા તે આશરે ૨૩ વર્ષની હિન્દુ કારડીયા સ્ત્રીનુ હતુ શરીરે કથાઇ કલરનુ બ્લાઉઝ અને ચણીયો પહેરેલ હતો, બંને કાનમાં

પીળી ધાતુની બુટી તેમજ બંને હાથમાં પીળા ધાતુના પાટલા અને ડાબા હાથમાં કાળાપટ્ટાવાળી સેલવાળી કાંડા ઘડિયાળ પહેરેલ હતી, કપડામાં કોઈ ડાઘ નીશાન ન હતા, ગળાના ભાગે તેમજ ડાબા પગે ટપકાની ડીઝાઈન વાળા ત્રાજવા ત્રોફાવેલા હતા, શબનુ શારીરીક બંધારણ સામાન્ય હતુ અને તે ઠંડુ હતુ બંને હાથ અને પગમાં અકડાઈ જવાની પ્રકિયા જોવા મળેલી, પોસ્ટમોટમ લીવીડીટી જોવા મળેલી નહી, શબનો દેખાવ સામાન્ય હતો, બંને આંખો બંધ હતી, મોઢુ ખુલ્લુ હતુ અને જીભ મોની અંદર હતી, બ્રાહય જનનેન્દ્રીય, અવવીયવોની હાલત સામાન્ય હતી, શરીર ઉપર કોઈ દેખીતી ઈજાના નીશાન જોવા મળેલ નહી, હાથના સ્પર્શથી કોઈ અસ્થીભંગની ઈજા જોવા મળેલી નહી, શબનુ આંતરીક તપાસ કરતા માથુ, ખોપરી સામાન્ય હતા, મગજનુ આવરણ કન્જેસ્ટેડ હતુ છાતીની દીવાલ, પાંસળીઓ, મૃદુ હાડકાં સામાન્ય હતા, બંને ફેફસા કન્જેસ્ટેડ હતા, કન્ઠેન્દ્રીય, શ્વાસનળી અને કલો કન્જેસ્ટેડ હતા, હૃદયનુ આવરણ કન્જેસ્ટેડ હતુ, મોટી રકતવાહીનીઓ લોહીથી ભરેલી હતી, પેટની દીવાલ સામાન્ય હતી તેની અંદર ત્વચાનુ આવરણ કન્જેસ્ટેડ હતુ તેના પોલાણની અંદરના અવીયવો જે તે સ્થીતીમાં હતા, અનનળી કન્જેસ્ટેડ હતી, હોજરીમા લીલસપડતા કાળા કલરનુ થોડુક પ્રવાહી હતુ, નાના આંતરડામાં સેમી લીકવીડ પ્રવાહી હતુ, મોટા આંતરડામાં સેમી લીકવીડ મટીરચલ હતુ, યકૃત, અન્નાશય અને અધિવૃકો, બરોળ, મુત્રપીંડ કન્જેસ્ટેડ હતા, પેશાબની કોથળી ખાલી હતી, તેઓએ શબના શરીરમાંથી હોજરી તથા તેની અંદરનો પદાર્થ, નાનુ આંતરડુ તથા મોટુ આંતરડુ તથા તેની અંદરનો પદાર્થ જે બોટલ નં.૧ મા એફએસએલ તપાસ માટે લીધેલ તથા બોટલ નં. ૨ માં લીવર, ફેફસુ, બરોડ અને કીડનીના ટુકડા લીધેલા, જે સીલ કરી સીલબંધ સ્થીતીમાં એફએસએલ તપાસ માટે પોલીસને આપેલા. મરણજનારનુ પ્રોબેબલ કોઝ ઓફ ડેથ કાર્ડીયોરેસ્પીરીટના કારણે થયેલુ પરંતુ મૃત્યુ અંગેનો આખરી અભિપ્રાય વીશેરા અંગેના એફએસએલના પૃથ્થકરણ રીપોર્ટથી જાણી શકાય, તેઓને એફએસએલ

નો પૃથ્થકરણ અહેવાલ બતાવવામાં આવેલ જે જોયને કહેલ કે, જેમાં મરણજનારના વીશેરામાં એલ્યુમીન્યમ ફોસ્ફાઇડ નામના અકાર્બનીક પ્રકારના રસાયણીક ઝેરની હાજરી માલુમ પડેલ છે જેથી મરણ જનારનુ મોત આ રસાયણીક ઝેરને કારણે થયેલુ છે, તેઓએ પોલીસને મરણ જનારની પી.એમ.નોટ આપેલી, તેઓને આંક–૯૨ ની પી.એમ.નોટ બતાવવામાં આવેલ જે તેમના હસ્તાક્ષરમાં છે તેમજ તેઓની સહી તથા હોદાનો સીકકો છે, જે ઓળખી બતાવેલ, તેઓને આંક–૯૩ બતાવવામાં આવેલ જે મરણજનારની લાશ ઉપર ભરવામાં આવેલ મરણોતર ફોર્મ છે જે અસલ મળેલની સ્થળપ્રત છે, તેઓને આંક–૯૪ નો પત્ર બતાવવામાં આવે છે જે મરણજનારના વીશેરા સીલબંધ સ્થીતીમાં પોલીસને મોકલેલા તે પત્રની ઝેરોક્ષ નકલ છે જે તેમના હસ્તાક્ષરમાં છે તેમજ તેઓની સહી તથા હોદાનો સીકકો છે તથા નમુના ઉપર મારેલ સીલની છાપ છે જે ઓળખી બતાવેલ.

ઉપરોકત મેડીકલ ઓફીસરનો પુરાવો આ ગુન્હાના કામે ઘણો અગત્યનો ગણી શકાય. પરંતુ આ સાહેદ ધ્વારા આ ગુન્હાના કામે મૃત્યુદેહ ના શબ પરિક્ષણની કામગીરી કરવામાં આવેલ, સાહદે શબના શરીરમાંથી અંદરનો પદાર્થ બોટલમાં પેક કરી એફ.એસ.એલ. તપાસ માટે લીધેલો તેમજ અન્ય બોટલમાં લીવર, ફેફસુ, બરોડ અને કીડનીના ટુકડા શીલ કરી એફ.એસ.એલ. તપાસ માટે પોલીસને આપેલા. સાહેદે સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે કે, એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અહેવાલ જોતા મરણજનારના વીશેરામાં એલ્યુમીનીયમ ફોસ્ટફાઇડ નામના અકાર્બનીક પ્રકારના રાસાયણીક ઝેરની હાજરી માલુમ પડેલ. જેથી મરણજનારનું મૃત્યુ રાસાયણીક ઝેરના કારણે થયાનો અભિપ્રાય આપેલ. તેમને પોલીસને આપેલ પી.એમ. નોટ અને મરણોત્તર ફોર્મ ઓળખી બતાવતા આંક–૯૨ અને ૯૩ થી રજુ કરાયેલ છે. પરંતુ ઉપરોકત આપેલા તારણો અનુસાર ભોગ બનનારનુ મૃત્યુ નિપજાવવામાં કે શારીરિક રોગ નિપજાવવામાં ઉપયોગમાં લેવાયેલુ રાસાયણીક ઝેર કે પદાર્થ આ કામના

આરોપીએ લાવી ગુન્હા કામે ઉપયોગ કરેલ હોય તે હકિકત ફરિયાદપક્ષે પ્રસ્થાપિત કરવી આવશ્યક છે. તે સીવાય આ મેડીકલ ઓફીસરની જુબાનીથી આ ગુન્હા કામે આરોપીની સંડોવણી હોવાનું તારણ આપી શકાય નહી.

(૨૬) આ કામે ફરીયાદપક્ષે **આંક–૯૬ થી સાહેદ નં.૧૩** તરીકે **તબીબી સાહેદ ડો. શુધાબેન કાંતીલાલ શાહ**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ગઇ તા.૦૯/૦૫/૨૦૦૩ ના રોજ તેઓ સીવીલ હોસ્પીટલ જુનાગઢ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા, તે દરમિયાન નીલેશભાઇ દાનસીંગભાઇ ઉ.વ.૦૬ વાળાને ઘંઉમા નાખવાના ટીકડા ખાય જતા તેને તેઓની હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ અને તેઓને અંદરના દર્દી તરીકે તા.૧૦/૦૫ /૨૦૦૩ ના રોજ સારવાર આપી રજા આપવામાં આવેલી, આ બાબતે તેઓએ પોલીસને સર્ટીફીકેટ ઇસ્યુ કરેલુ, તેઓને આંક–૯૭ નુ સર્ટીફીકેટ બતાવવામાં આવેલ જેમાં તેઓના હસ્તાક્ષર તેમજ તેઓની સહી છે જે ઓળખી બતાવેલ.

આ મેડીકલ ઓફીસરની જુબાની વંચાણે લેતા તેણીએ આપેલ પુરાવા અનુસાર આ ગુન્હામાં આરોપીની સંડોવણી હોવા અંગે પ્રત્યક્ષ કે સમર્થનકારી પુરાવો રજુ કરતા નથી. તેમણે પોતાની ફરજ અન્વયેની કામગીરી કરેલી છે. જેનાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ હોવાનું કહી શકાય નહી.

(૨૭) આ કામે ફરીયાદપક્ષે **આંક–૯૮ થી સાહેદ નં.૧૪** તરીકે **તબીબી સાહેદ ડો. માલાબેન પ્રકાશભાઇ જોષી**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તારીખ ૧૦.૫.૨૦૦૩ ના રોજ તેઓ રાજકોટ કે.ટી.ચિલ્ડ્રન ગવરમેન્ટ હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા તે દીવસે દર્દી નિલેષ દાનસીંગભાઇ

કાનાભાઈ, ઉ.વ.૭ રહે.કોડીનારવાળાને તેમના સગા રાત્રીના કલાક ૧૦:૨૦ વાગ્યે તેઓની પાસે સારવાર અર્થે લાવેલા, દર્દીના સગાએ હીસ્ટરી આપેલ કે, દર્દીએ ઓર્ગેનો ફોસ્ફરસ નામની ઝેરી દવા પીધેલ છે, આ દર્દીને જુનાગઢ સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર કરાવી તેઓના દવાખાને લાવવામાં આવેલ હતા, દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરી તેઓને સારવાર આપવામાં આવેલી અને તા.૧૩/૦૫/૨૦૦૩ ના રોજ તેઓને સારવામાંથી રજા આપવામાં આવેલ હતી, જે અંગે તેઓએ પોલીસને સર્ટી ઈસ્યુ કરેલ, તેઓને આંક–૯૯ નું સર્ટી બતાવવામાં આવેલ જે તેમના હસ્તાક્ષરમાં છે તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ, આ દર્દીને જો ખોરાક માં ઓર્ગેનો ફોસ્ફરસ નામની ઝેરી દવા ભેળવીને ખવરાવવમાં આવે તો આ દર્દીને તેવા ઝેરની અસર થઈ શકે.

આ મેડીકલ ઓફીસરશ્રીની જુબાની વંચાણે લેતા આ કામે દર્દીએ ઓર્ગેનીક ફોસ્ફરસ નામની દવા પીધેલી હોય તેમને અંદરના દર્દી તરીકે સારવાર આપવામાં આવેલી, તેમને સારવાર સર્ટીફીકેટ ઓળખી બતાવતા આંક–૯૯ થી રજુ કરેલ છે. આ સાહેદે પણ જણાવેલ છે કે જો ખોરાકમાં ઓર્ગેનો ફોસ્ફરસ નામની ઝેરી દવા ભેળવીને ખવડાવવામાં આવે તો તેનાથી દર્દીને ઝેરની અસર થઇ શકે છે. પરંતુ આ કામે ભોગ બનનારને ઝેરી દવાના ટીકડા ખોરાકમા ભેળવી આપેલ હોવાનું માની લેવામાં આવે તો તે પણ ગુન્હાહિત કૃત્ય આ કામના આરોપીએ કરેલ હોવાનો ફરિયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરવુ પડે, તે સીવાય આ ગુન્હામાં આરોપીની સંડોવણી હોવાનું માની શકાય નહી.

(૨૮) આ કામે ફરીયાદપક્ષે **આંક–૧૦૦ થી સાહેદ નં.૧૫** તરીકે **સાહેદ ભનુભાઇ સમજુભાઇ જાલાણી**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ગઇ તા.૦૯/૦૫/૨૦૦૩ ના રોજ મેડીકલ ઓફીસર વેરવાળ તરફથી અ.મોત નં.૦૩ સી.આર.પી.સી.૧૭૪ ના કામે આવેલ લખાણમાં જેમાં નીલેશ દાનસીંગ ઉ.વ.૭ રે.દેવળી કોડીનારવાળો ઝેરી દવા પી જતા ગંભીર હાલતમાં સારવારમાં આવેલ તે બાબતનુ લખાણ મળતા તેઓ દવાખાને જઇ જોતા જેસીંગભાઇ ઉકાભાઇ બારડ જાતે કારડીયા ઉ.વ.૨૮ રે. દેવળી અને હાલ હરમડીયા ગામે તેઓના કુટુંબ સાથે

રહી ખેતીકામ કરે છે. જેઓનુ તેઓના રુબરુ તેઓએ તેઓનુ નીવેદન લખાવ્યા મુજબ લખી લીધેલ, દેવળી ગામે તેઓના કાકા હાજાભાઇનુ મરણ થતા તેઓ દેવળી ગામે આવેલ અને રોકાયેલ હતા, તા.૦૮/૦૫/ ૨૦૦૩ ના રાતના સાડા નવેક વાગ્યે તેઓ તેમના કાકાના ઘરે બેઠેલ હતા તે દરમિયાન શેરીમા દેકારો થતા તેઓ શેરીમાં નીકળતા તેઓના કાકાનો દીકરો દાનસીંગભાઇનો દીકરો પીયુશ લથડીયા ખાતો આવતો હતો આથી તેઓએ તેને પકડી લીધેલ. આ વખતે પીયુશ કાઇ બોલતો ન હતો. આથી બીજા માણસોની મદદથી તેઓ પીયુશને મો.સાયકલ પર બેસાડી સુગર ફેકટરીના દવાખાને સારવામાં લઇ ગયેલ ત્યાં તેની સારવાર ચાલુ કરાવેલ. તેઓમા તેઓના પાડોશના બીજા માણસો પીયુશના ભાઇ નીલેશ તથા રવિનાને પણ સુગર ફેકટરીના દવાખાને લાવેલ. આ ત્રણેય છોકરાને ઝેરી દવાનુ અસર થયેલ હતી અને આ ફેકટરીના દવાખાનાના ડોકટર સાહેબે આ ત્રણેય છોકરાઓને વેરાવળ સરકારી દવાખાને લઇ જવાનુ કહેતા તેઓએ એમ્બ્યુલન્સ મા ત્રણેયને સુવડાવી તેઓ તથા મીઠાભાઇ તથા ભાણાભાઇ અરજણભાઇ વાળા વીગેરે વેરાવળ સરકારી દવાખાને લાવતા હતા દરમિયાન રસ્તામાં રવિના તથા તેનો ભાઇ પીયુશ મરણ ગયેલ હોવાથી તે બંનેને મરણ હાલતમાં તથા નીલેશને બેભાન હાલતમાં અહી વેરાવળ સરકારી દવાખાને લાવેલ છે અને નીલેશની હાલત ગંભીર છે અને બેભાન હાલતમાં છે. ઉપર જણાવેલ ત્રણેય બાળકોને ઝેરી દવાની અસર થયેલ છે તેની તેઓને હાલમાં કોઇ જાણ નથી. અહી મરણ ગયેલ રવિના તથા પીયુશની લાશ તેઓએ પંચો રુબરુ ઓળખી બતાવેલ છે, ઉપરોકત મુજબનુ તેઓએ નીવેદન નોંધેલુ.

આ મેડીકલ ઓફીસરનો પુરાવો આ ગુન્હા કામે અગત્યનો ગણી શકાય. પરંતુ તેમની જુબાની વંચાણે લેતા તેઓએ આ કામે ભોગ બનનાર સાહેદ નીલેશ ઉ.વ.૭ નાઓની ઝેરી દવા પી જતા ગંભીર હાલતમાં લાવતા તેમને સારવાર કરેલી, સદરહુ ગુન્હા કામે બનાવમાં ભોગ બનનાર પીયુષ તથા રવીનાને ઝેરી દવાની અસર થતા આ મેડીકલ ઓફીસરે તેમને સુગર

ફેકટરીના દવાખાને લઈ જઈ ત્યાંથી ફરીથી વેરાવળ સરકારી દવાખાને લાવતા બન્ને ભોગ બનનાર બાળકોનુ મૃત્યુ થયેલુ. જયારે ભોગ બનનાર નીલેશની હાલત ગંભીર હતી. સાહેદે આ કામના મરણજનાર રવીના તથા પીયુષની લાશ તેમને ઓળખી બતાવેલ અને પોલીસને નિવેદન પણ આપેલુ. પરંતુ તેમની આ જુબાનીથી પણ આ ગુન્હામાં આરોપીની સંડોવણી હોવા બાબતનો પુરાવો રજુ થતો નથી. જે માટે આરોપીએ તહોમતમાં જણાવેલ ગુન્હાહિત કૃત્ય કરેલ હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે.

(૨૯) આ કામે ફરીયાદપક્ષે **આંક–૧૦૨ થી સાહેદ નં.૧૬** તરીકે **સાહેદ નિલેશભાઈ દાનસીંગભાઈ બારડ**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ કુલ બે ભાઈઓ અને એક બેન હતા, જેમા સૌથી મોટોભાઈ પીયુષ હતો, તેનાથી નાનો તેઓ અને તેઓથી નાની બેન રવિના હતી, તેઓના મમ્મીનુ નામ મણીબેન હતુ, તેઓના મમ્મી તથા તેઓનો ભાઈ પીયુષ અને બેન રવિના આ કામે મરણ ગયેલ છે, તેઓના પિતા માચ્છીમારીનુ કામ કરતા હતા, તેઓના પિતા તેઓ બે અઢી વર્ષનો હતો તે વખતે અવસાન પામેલ છે, આ કામનો બનાવ ત્રેવીસ ચોવીસ વર્ષ અગાઉ બનેલો, તે અરસામાં તેઓ, તેઓના મમ્મી તથા તેઓના ભાઈ–બહેન સાથે દેદાની દેવળી ગામે રહેતો હતો, બનાવ વખતે તેઓ બીજા ધોરણમા અભ્યાસ કરતો હતો, તેઓના પપ્પા હયાત હતા ત્યારે માનસીંગ લખમણ સોસા નામની વ્યકિત તેઓના ઘરે આવતી હતી, આ માનસીંગ લખમણ તેઓના પિતાનો મીત્ર થતો હતો અને તેઓના પિતાના અવસાન બાદ પણ તે તેઓના ઘરે અવાર–નવાર આવતો હતો, બનાવના દિવસે રાત્રીના સમયે આ માનસીંગ લખમણ સોસા તેઓના ઘરે આવેલો તે વખતે કેટલા વાગ્યાનો સમય થયેલ હશે તે તેઓને હાલ યાદ નથી તે વખતે ઘરમાં તેઅ ો, તેઓના મમ્મી, તેઓનોભાઈ પીયુષ અને બેન રવિના હાજર હતા, આ માનસીંગે તેઓને

એટલે કે, તેમના મમ્મીને, તેમના મોટાભાઇ પીયુષ, તેઓની બેન રવિના અને તેઓને દવા પીવડાવેલી અને જમવામા તથા પાણીના માટલામાં પણ આ દવા નાખેલી, તેઓને આ માનસીંગે એવુ કહીને દવા પીવડાવેલ કે તમને સારુ નથી તો દવા પી લો. તેઓને દવા પીધા બાદ ઉલ્ટી જવુ થવા લાગતા તેઓએ માટલામાંથી પાણી પીધેલુ, તેઓના મમ્મી દવા પીધા બાદ મરણ ગયેલ હતા, તેઓના મમ્મીના પગ અને હાથ માનસીંગે પંખા સાથે બાંધી દીધેલ હતા, ત્યારબાદ તેઓ તેઓની મોટી મા ધનીબેન બચુભાઇના ઘરે ગયેલો, આ વખતે તેઓના ભાઇ પીયુષ અને રવિના પણ તેઓના સગાવ્હલાને બોલાવવા ગયેલ હતા, તેઓએ તેમના મોટીમા ધનીબેનને કહેલ કે, મારી મમ્મી કાઇ બોલતી નથી. આ વખતે તેઓને જુલાબ જેવુ હતુ આ વખતે તેઓ બેહોશ જેવો પણ થઇ ગયેલ હતો, ત્યારે તેઓના મોટીમા ધનીબેન અને આડોશ પાડોશ વાળા તેઓના ઘરે ભેગા થઇ ગયેલ ત્યારબાદ તેઓને તથા તેઓની બેન રવિનાને એક એમ્બ્યુલન્સમા લઇ જતા હતા તે વખતે તેઓનીબેન રવિના તેઓની નજર સામે જ એમ્બ્યુલન્સમા મરણ ગયેલ હતી અને તેઓના મમ્મી તથા પીયુષને કયા વાહનમાં અને કોણ લઇ ગયેલ તેની ખબર નથી, તેઓ દવાખાને દાખલ હતો અને તેઓ ભાનમાં આવેલ ત્યારે પોલીસવાળા અને તેઓના નાના કરશનભાઇ સોમાભાઇ દવાખાને હાજર હતા, આ માનસીંગ તેઓના ઘરે આવતા ત્યારે તેઓને બધાને મારતો હતો અને ડરાવતો હતો જેથી તેઓએ આ માનસીંગનુ નામ પોલીસને પહેલી વખત લખાવેલ ન હતુ, ત્યારબાદ પોલીસે તેઓને ફરીથી સાચી હકીકત પુછતાં તેઓએ પોલીસને સાચી હકીકત જણાવેલી, આ માનસીંગ તેઓના ઘરે આવતો ત્યારે મોટા ભાગે રાત્રીના સમયે આવતો હતો, બનાવના અરસામા તેઓની મમ્મી તથા તેઓ ત્રણેય ભાઇ–બહેનોને તેઓના નાનાના ઘરે બુચરવાડા(દીવ) મુકામે રહેવા જવાની હોય જેથી તેઓની નાની વાલીબેને તેઓના મમ્મીને રુપીયા આપેલ હતા કેટલા રુપીયા આપેલ તે હાલ યાદ નથી, આ વાતની માનસીંગને ખબર પડેલી, જેથી તેણે તેઓના મમ્મીને

એવુ કહેલ કે તમારે બધાને અહી રહેવાનુ છે જેના કારણે આ બનાવ બનેલ છે, તેઓ આ માનસીંગ લખમણને ઓળખે છે. સાહેદને કોર્ટના રેકર્ડમાંથી આરોપી માનસીંગ લખમણ સોસાનો ચહેરા નિશાન પત્રકમાંથી ફોટો બતાવવામાં આવેલ જે જોયને ઓળખી બતાવેલ.

આ સાહેદ ભોગ બનનાર સાહેદ છે. તેમની જુબાની વંચાણે લેતા આરોપી બનાવ સમયે તેમના ઘરે આવતો હતો અને તેમના પિતાનો મિત્ર હતો, બનાવના રોજ રાત્રીના સમયે પણ આરોપી તેમના ઘરે આવેલો તેને તેઓ ભોગ બનનાર કરતા તેના ભાઇ બહેન પીયુષ અને રવીના અને તેમની મમ્મીને દવા પીવડાવેલ તેમ જણાવે છે. આરોપીએ જમવામાં તથા પાણીના માટલામાં આ દવા એમ કહીને નાંખેલી કે તમને સારુ નથી તો દવા પી લો ત્યારબાદ તે દવા પીધા પછી તેની અસર તેમના ઉપર તથા તેમના ભાઇ બહેન તથા મમ્મી ઉપર થયેલી, તેના મમ્મીના હાથ પગ આરોપીએ પંખા સાથે બાંધી દીધેલા હતા તેવુ જણાવે છે. પરંતુ ફરિયાદપક્ષનો તેવો કોઇ કેસ નથી. આમ, બનાવ હકિકતને ભોગ બનનાર સાહેદે સમર્થન આપેલ છે. પરંતુ સૌથી મહત્વની બાબત કે આરોપીને આ ઝેરી દવા કે ઝેરી ટીકડા લાવીને ખોરાક કે પાણીમાં નાંખતા કોઇએ જોયેલ નથી. સાહેદે આપેલ પુરાવો પણ અસ્પષ્ટ અને વિરોધાભાસ છે. સાહેદે બનાવની ચોકકસ તારીખ, સમય યાદ નથી. સાહેદના પુરાવાને અન્ય સાહેદોના પુરાવાનું સમર્થન પ્રાપ્ત થતુ નથી. આ કામે આરોપી ઝેરી ટીકડી કે ઝેરી પદાર્થ કયાંથી લાવેલ અને કઇ રીતે ખોરાકમાં કે પાણીમાં ભેળવેલ તે અંગે સ્પષ્ટતા થતી નથી. વળી સદર ઝેરી દવા કે ઝેરી ટીકડા પીવાના પાણીમાં નાંખેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ નથી. તે તમામ સંજોગોમાં આ સાહેદના પુરાવાને અન્ય પુરાવાના સમર્થન વીના માની લઇ આરોપીને દોષીત ઠરાવી શકાય નહી.

(૩૦)આ કામે ફરીયાદપક્ષે **આંક–૧૦૩ થી સાહેદ નં.૧૭** તરીકે **સાહેદ હાથીયાભાઇ હમીરભાઇ જલુ**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ

ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ગઇ તા.૦૮/૦૫/૨૦૦૩ ના રોજ તેઓ કોડીનાર પો.સ્ટે.માં પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા તે દિવસે રા.ના.વાળા હોસ્પીટલના ડોકટરશ્રીએ ફોનથી જાણ કરેલ કે, દેવળી ગામના રહીશ પીચુશ દાનસીંગભાઇ બારડ ઉ.વ.પ વાળો ઝેરી દવા પી સારવારમાં આવેલ છે, જેથી તેઓએ આ બાબતે સ્ટે.ડાયરી નં.૨૨/૦૩ થી કલાક ૨૩.૦૫ વાગ્ય નોંધ કરી, આ બાબતે આગળની તપાસ કરવા એ.એસ.આઇ.ડી.એલ.વાજાને લેખિત વર્ધી આપેલી, તેઓને આંક-૧૦૪ નો પત્ર બતાવવામાં આવેલ જે તે જ છે, જે તેમના હસ્તાક્ષરમાં છે, તેમ જ તેઓની સહી છે, જે ઓળખી બતાવેલ. એ.એસ.આઇ. ડી.એલ.વાજા રા.ના.વાળા હોસ્પીટલે જતા આ કામમાં સારવાર માં આવેલ પીચુષભાઇને વધુ સારવાર માટે વેરાવળ રીફર કરેલ હોચ, જેથી એ.એસ.આઇ.વાજાએ પરત આવી ડી.ઓ. રજુ કરેલ, ત્યારબાદ તે જ દીવસે રાત્રીના કલાક ૧:૩૦ વાગ્યે આ કામના ફરીયાદી ધનીબેન વા/ઓ બચુભાઇ કાનાભાઇ બારડ રે.દેદાની દેવળીવાળીએ તેઓના રુબરુ આવી પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, તેમના દેરાણી મણીબેન વા/ઓ દાનસીંગભાઇ કાનાભાઇ બારડના પતિ બે એક વર્ષ પહેલા ગુજરી ગચેલ હોચ અને તેને સંતાન માં બે દિકરા અને એક દીકરી હોચ, મજુરી કામ કરીને તેમના કુટુંબનુ ભરણ પોષણ કરતા હોચ અને આર્થીક સ્થીતી નબળી હોચ, જે કારણે મણીબેને તેના બાળકોને મારી નાખવાના ઇરાદે ઝેરી ટીકડા ખવડાવી અને પોતે પણ ખાઇ ગઇ મરણ ગચેલ છે અને તેના બાળકો પિચુષ તથા રવિના સારવાર દરમિચાન મરણ ગચેલ છે, જે મતલબની વીગતવાર ફરીયાદ તેમના લખાવ્યા મુજબ વિગતે લખી લઇ વાંચી સંભળાવતા બરાબર અને ખરી હોવા બાબતે તેઓના રુબરુ સહી કરી આપેલ, તેઓને આંક ૭૮ ની એફ.આઇ.આર બતાવવામાં આવેલ જે તે જ છે, જે તેઓએ કોડીનાર પો.ગુ.ર.નં. ફર્સ્ટ ૭૨/૨૦૦૩ થી આઇ.પી.કલમ ૩૦૨, ૩૦૭ તથા ૩૨૮ મુજબ નોંધેલો જે તેમના હસ્તાક્ષરમાં છે તેમજ તેમા ફરીયાદી ધનીબેનની તેઓના રુબરુ સહી છે, જે ઓળખી બતાવેલ,

તેઓએ આ બાબતે સ્ટે.ડાયરીમાં નોંધ કરી આગળની તપાસ પો.સ.ઈ.શ્રી કે.યુ.જોષીને સોંપેલી, આ કામે મરણજનાર મણીબેન દેવળી મુકામે મરણ ગયેલ હોય, જેથી તેનુ ઈન્કવેસ્ટ ભરી આગળની કાર્યવાહી કરવા પો.સ.ઈ. કે.યુ.જોષીને લેખિત વર્ધી આપેલી, તેઓને આંક–૧૦૫ નો પત્ર બતાવવામાં આવેલ જે તેમના હસ્તાક્ષર માં છે અને તેમાં તેઓની સહી છે, જે ઓળખી બતાવેલ. તેઓએ આ ગુનાના કામે ઉપરી અધિકારીઓને સ્પે.રીપોર્ટ કરેલો, તેઓને આંક–૧૦૬ નો સ્પે. રીપોર્ટ બતાવવામાં આવેલ, જેમાં તેઓની સહી છે, જે ઓળખી બતાવેલ, જે આંક–૧૦૬ થી રજુ કરેલ, તેઓએ બનાવ બાબતે ઉપરી અધિકારીને રેડીયો મેસેજ કરેલો અને વિઝીટેશનમાં પધારવા તથા એફ.એસ.એલ. મંગાવવા જણાવેલુ, તેઓને આંક–૧૦૭ નો રેડિયો મેસેજનો પત્ર બતાવવામાં આવેલ, જે તે જ છે અને તેઓના હસ્તાક્ષરમાં છે અને તેઓની સહી છે, જે આંક–૧૦૭ થી રજુ કરેલ.

આ પોલીસ સાહેદનો પુરાવો વંચાણે લેતા તે આ ગુન્હા કામે વધુ તપાસ કરનાર છે. તેમને આ કામે ફરિયાદીની ફરિયાદ નોંધેલી જે અન્વયે આરોપી ઉપર ઈ.પી.કો. કલમ–૩૦૨, ૩૦૭ અને ૩૨૮ નો ગુન્હો નોંધી આગળની વધુ તપાસ પી.એસ.આઇ.શ્રી કે.યુ.જોષીને સોંપેલી જે ધ્યાને લેતા પણ આ ગુન્હા કામે તેમણે તેમની ફરજ અન્વયેની કામગીરી કરેલ છે. પરંતુ આ ગુન્હામાં આરોપીની સંડોવણી હોવા અંગેનો કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવો રજુ કરતા નથી.

(૩૧) આ કામે ફરીયાદપક્ષે **આંક–૧૦૮ થી સાહેદ નં.૧૮** તરીકે **સાહેદ કનૈયાલાલ ઉદયશંકર જોષી**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તા.૦૯/૦૫/૨૦૦૩ ના રોજ તેઓ કોડીનાર પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, તે દીવસે પી.એસ.ઓ. એચ.એચ.જલુએ કો.પો.સ્ટે.ગુ.નં.ફ.૭૨/૨૦૦૩ ની આઈ.પી.સી.કલમ ૩૦૨, ૩૦૭ તથા ૩૨૮ મુજબના ગુનાની તપાસ

તેઓને ડેપ્યુટ કરતા તેઓએ સંભાળી લીધેલી, આ કામે થયેલ ફરીયાદનો અભ્યાસ કરેલો, આ ગુનાના કામે મરણજનાર આરોપી મણીબેન દાના ભાઇ બારડ રે.દેવળીવાળા બનાવવાળી જગ્યાએ મરણ ગયેલ હોય, જેનુ ઇન્કવેસ્ટ કરવા પી.એસ.ઓ.એ યાદી આપેલી, તેઓને આંક ૧૦૫ ની યાદી બતાવવામાં આવેલ જે તેઓને મળેલી તે જ છે, તેઓને આંક ૩૦ નુ ઇન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવેલ જે મરણજનાર મણીબેનનુ ત્રણ પંચો રુબરુ ઇન્કવેસ્ટ પંચનામુ કરેલુ તે જ છે, ઇન્કવેસ્ટ પંચનામા દરમિયાન આ લાશ જોતા શરીરે કોઇ જાતના નિશાન જોવા મળેલ નહી, પરંતુ તેણીના દાંત ભીડાયેલા હતા અને હોઠ ઉપર કાળસ પડતી છારી હતી, આ લાશને સ્ત્રીપંચ દ્વારા ગુપ્ત ભાગે તપાસ કરાવતા કોઇ ઇજા ન હોવાનુ જણાવેલુ, મરણજનારનુ મોત ઝેરી દવા પીધેલાનુ લાગેલુ તેમ છતાં મોતનુ ચોકકસ કારણ જાણવા સારુ લોશ પી.એમ. માટે તેઓને હવાલે લીધેલી, જે પંચનામુ કોડીનાર તાલુકાના દેદાની દેવળી ગામે રામપરા ફળીયામાં મરણજનારના ઘરે કરેલુ, જેમાં તેઓના રુબરુ બંને પંચોની તેમજ પંચ નં.૩ ના અંગુઠાનુ નીશાન છે અને તેઓની સહી છે. જે ઓળખી બતાવેલ. તેઓએ બનાવવાળી સ્થાનીક જગ્યાનુ બે પંચોને સાથે રાખી તે અંગેની સમજ આપી પંચનામુ કરેલુ, જે ગુનાવાળી જગ્યા સાહેદ જેસીંગભાઇ બાલુભાઇ બારડ રે.દેદાની દેવળીવાળાએ બતાવેલુ, જે દેદાની દેવળી ગામે મણીબેન દાનાભાઇ બારડનુ રહેણાંક મકાન પશ્ચિમ તરફના દરવાજા વાળુ વીલાયતી નળીયાવાળુ આવેલ હતુ, જે મકાનમાં બે ઓરડા(રુમ) આવેલ હતા, અને ઉતર તરફના રુમમાં વચ્ચેના ભાગે પલંગ ગાદલુ પાથરેલ હતુ, ભોયતળીયે ગારનુ લીપણ હતુ અને પલંગની ઉતર તરફના ભાગે ઉલ્ટી થયેલ હોવાનુ જોવા મળેલ હતુ, જે જગ્યાએ આ લીપણ સાથેની ઉલ્ટી પ્લા.ની બોટલમાં પેક કરી પંચોની સહીઓ લઇ કબ્જે લીધેલ તેમજ તેની બાજુમાંથી કોરુ ગારનુ લીપણ પ્લા.ની બોટલમાં ભરી પંચનામાની વીગતે કબ્જે લીધેલ, આ રુમમાં કબાટ તથા એક ઘોડીયુ અને પત્રાની બેગ તથા અનાજ ભરવાની બે પેટીયો પડેલ હતી, જે

પૈકી નાની પત્રાની પેટી ઉપર કવીક ફોરસ લખેલ કાગળના પેકીંગમાં એક તુટેલી રાખોડીયા કલરની મોટી ટીકડી હતી, જેમાંથી ઝેરી દવાની તીવ્ર વાસ આવતી હતી, આ કાગળના ટુકડા પર પોયઝન લખેલ હતુ અને મેન્યુફેકચર યુનાઈટેડ ફોસફોરસ લી.લખેલ હતુ, જે ટીકડી પ્લા.ની બોટલમાં પંચનામાની વીગતે સીલ કરી કબ્જે લીધેલ, બાદ બીજા રુમમાં જોતા ઘરવખરીનો સરસામાન પડેલ હતો, અને પાણીયારની ચોકડી પર ઉલ્ટી થયેલી જોવા મળેલી, જેમાંથી ઉલ્ટીવારો ખોરાક પંચનામાની વીગતે કબ્જે લીધેલ, આ રુમમાં ચુલ્હા પાસે રસોઈના ઠામવાસણ પડેલ હતા, અને એક તપેલીમાં સેવનુ થોડુક શાક પડેલ હતુ અને બીજી તપેલીમાં થોડી ખીચડી પડેલ હતુ અને એક થાળીમાં ગોળ લોટલો તથા અડદની ચોળી પડેલ હતી જેમાંથી કોઈ ઝેરી વાસ આવતી ન હતી, જે જેમની તેમ રહેવા દીધેલ અને પાણીયારના પાણીના વાસણો તથા તેમાં તપાસ કરતા પણ કોઈ ઝેરી વાસ જોવા મળેલ નહી, આ બાબતનુ વીગતવાર સ્થળ સ્થીતીનુ પંચનામુ પંચો રુબરુ કરેલુ, તેઓને આંક-૧૨ નુ પંચનામુ બતાવવામાં આવેલ જેમાં તેઓના રુબરુ બંને પંચોની તેમજ તેઓની સહી છે, જે ઓખળી બતાવેલ, તેઓને આંક ૧૩ થી આંક ૧૭ ની પંચસ્લીપો બતાવવામાં આવેલ જે આ પંચનામા દરમિયાન ચીજવસ્તુઓ કબ્જે લીધાની પંચસ્લીપો છે. આ કામે એફએસએલ અધિકારીશ્રીએ બનાવ સ્થળની મુલાકાત લીધેલ હતી, જયા બે પંચોને તેઓએ એફએસએલ અધિકારી જે કાઈ રજુ કરે તેનુ પંચનામુ કરવા અંગેની સમજ આપી પંચમાં રાખેલા, આ વખતે આ કામના ફરીયાદી ધનીબેન બારડ દેદાની દેવળી વાળા હાજર હતા, એફએસએલ અધિકારીશ્રી બાપોદ્રા સાહેબે રુમમાં પડેલ ગાડલુ, ગોદડા, અનાજ ભરવાની બે પેટી વીગેરે ચીજવસ્તુઓનુ નીરીક્ષણ કરેલુ તેમજ રસોડામાં પડેલ ચુલ્હા આગળ પડેલ વાસણોમાં સેવનુ શાક, રોટલો અને રોટલી વીગેરે પંચનામાની વીગતે કોથળીઓમાં ભરી કબ્જે લીધેલ, તેમજ રુમમાં ઉતર તરફ દીવાલમાં લાકડાની માળી ઉપર એક પડીકી જે ખોલતા તેમાં રાખોડી કલર જેવો પાવડર હતો તેપણ

પંચનામાની વીગતે કબ્જે લીધેલ, તેઓને આંક–૧૯ નુ પંચનામુ બતાવવામાં આવેલ જેમા તેઓના રુબરુ બંને પંચોની તેમજ તેઓની સહી છે, જે ઓળખી બતાવેલ. તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા, આ કામે મરણજનાર પીયુષ દાનાભાઈ તથા રવિનાબેન દાનાભાઈએ બનાવ વખતે પહેરેલ કપડાં દવાખાનામાંથી આ કામના સાહેદ દીનેશભાઈ પીઠાભાઈ મોરીએ રે.દેદાની દેવળીવાળા રજુ કરતા હોય જેથી બે પંચોને સમજ આપી પંચમા રાખેલા, આ કપડાંમા શર્ટ હતો, જેના પર છુટાછવાયા લોહી જેવા ડાઘ હતા, જે પંચનામાની વીગતે કબ્જે લીધેલ તેમજ વાદળી કલરનુ ફ્રોક હતુ જે મેલુ હતુ, જે તપાસ અર્થે કબ્જે લીધેલ, તેઓને આંક ૨૧ નુ પંચનામુ બતાવવામાં આવેલ જેમાં તેઓના રુબરુ બંને પંચોની તેમજ તેઓની સહી છે, જે ઓળખી બતાવેલ, આ કામે મરણ જનાર મણીબેન દાનાભાઈની લાશ ઉપર મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ કપડાનો સીલબંધ પાર્સલ પો.કો.કેશુભાઈ મંગળભાઈ લાવી રજુ કરતા હોય જેથી બે પંચોને તે અંગેની સમજ આપી પંચમા રાખેલા, પંચો રુબરુ આ બોકસ જોતા તેના પર મેડીકો લીગલ લખાણવાળુ લાખનુ સીલ કરેલ હતુ અને તેના પર મણીબેન દાનાભાઈ બારડ કારડીયાના કપડાં ચણીયો તથા બ્લાઝ લખેલ હતુ, જે સીલબંધ હાલતમાં તપાસ અર્થે કબ્જે લીધેલ, અને તે અંગેની પંચોની સહીઓ લીધેલી, તેઓને આંક ૨૨ નુ પંચનામુ બતાવવામાં આવેલ જે તે જ છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવેલ. તેઓને આંક ૨૪ તથા આંક ૨૫ ની પંચસ્લીપ બતાવવામાં આવેલ, જે મરણજનાર પીયુષ તથા રવિનાના કપડા કબ્જે લીધા અંગેની પંચસ્લીપો છે, તેઓને આંક ૨૬ નો પુઠાનો ટુકડો બતાવવામાં આવેલ જે મરણજનાર મણીબેનની લાશ ઉપરથી મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ કપડાંનુ બોકસ રજુ કરેલુ, તે અંગેની પંચસ્લીપ છે તે તમામમા તેઓના રુબરુ બંને પંચોની તેમજ તેઓની સહીઓ છે, જે ઓળખી બતાવેલ, ત્યારબાદ આગળની તપાસ તેઓ પાસેથી પો.ઈ.શ્રી જોગાજી પરમારે સંભાળી લીધેલી.

આ પોલીસ સાહેદ આ ગુન્હા કામે તપાસ કરનાર અમલદાર તથા તેમણે મરણજનાર મણીબેનની ઇન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી કરાવેલી. મરણજનારનું મોત ઝેરી દવા પીતા થયાનું પ્રાથમિક જણાયેલુ. સાહેદો બનાવવાળી જગ્યાનું પંચનામુ બે પંચો રૂબરૂ કરેલુ અને સ્થળ ઉપરથી નમુનાઓ લઇ પંચનામાની વિગતે શીલ કરી કબજે લીધેલા. સાહેદે આંક–૧૨ નું પંચનામુ તથા આંક–૧૩ થી પંચ સ્લીપોની ઓળખી બતાવેલ છે. ત.ક.અમલદારશ્રીએ બનાવ સ્થળની મુલાકાત લીધેલી જયાં એફ.એસ. એલ. અધિકારીએ સ્થળ ઉપર પડેલ ચીજવસ્તુઓનું નિરિક્ષણ કરી તપાસ અર્થે કબજે લેવાનું સુચન કરતા આંક–૧૯ ના પંચનામાથી કબજે લેવાયેલ આ કામના મરણજનાર પીયુષ દાનાભાઇ તથા રવીનાબેન દાનાભાઇએ બનાવ સમયે પહેરેલા કપડા બે પંચોની હાજરીમાં આંક–૨૧ ના પંચનામાની વિગતે કબજે લીધેલ, આંક–૨૪ થી ૨૬ ની પંચ સ્લીપો તથા મુદ્દામાલ ઓળખી બતાવેલ છે, સદરહુ તમામ પુરાવા વંચાણે લેતા પણ આ બનાવમાં આરોપીની પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણી હોવા બાબતેનો પુરાવો રજુ થતો નથી. વળી આ સામે આરોપીની બનાવમાં સંડોવણી હોવા અંગે કોઇ અન્ય સાહેદનો પ્રત્યક્ષ કે વિશ્વસનીય પુરાવો રજુ થતો ન હોય ત્યારે આ સમર્થનકારી પુરાવાનું કોઇ વિશેષ મહત્વ રહેતુ નથી.

(૩૨) આ કામે ફરીયાદપક્ષે **આંક–૧૦૯ થી સાહેદ નં.૧૯** તરીકે **સાહેદ જોગાજી નાનાજી પરમાર**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ૨૦૦૩ ના અરસામાં તેઓ કોડીનાર પો.સ્ટે.મા પો.ઇ.તરીકે ફરજ બજાવતા હતા, તે અરસામાં કો.પો.સ્ટે. ગુ.ર.નં. ફ.૭૨/૨૦૦૩ આઇ.પી.સી.કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૮ મુજબના ગુનાની તપાસ તેઓના પી.એસ.આઇ.શ્રી કે.યુ.જોષી ચલાવી રહયા હતા, ત્યારબાદ તેઓ પાસેથી આ ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલી, આ કામે થયેલ તપાસનો અભ્યાસ કરેલ, આ કામે સારવાર સર્ટી મેળવવા યાદી લખેલી તેમજ બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા યાદી લખેલી,

આ કામના લાગતા વળગતા સાહેદોના વિશેષ નીવેદનો તથા અન્ય સાહેદોના નીવેદનો નોંધેલા, આ કામે મરણજનારનાઓની પી.એમ.નોટ મેળવી તપાસના કામે સામેલ રાખી, તેઓને પી.એમ.નોટ બતાવવામાં આવેલ તે તેઓએ મેળવેલી તે ઓળખી બતાવેલ, તપાસ દરમિયાન આરોપી વિરુધ્ધ આરોપીને અટક કરી શકાય તેટલા પુરતા પુરાવા હોય તેઓએ બે પંચોને સમજ આપી પંચો રુબરુ આરોપીને અટક કરેલો, તેઓને આંક-૨૩ નુ અટક પંચનામુ બતાવવામાં આવેલ જે ઓળખી બતાવેલ, તેઓના રુબરુ બંને પંચોની તેમજ તેઓની સહી છે જે ઓળખી બતાવેલ. ત્યારબાદ તેઓની બદલી થતા પી.આઇ.શ્રી બી.જી.અશ્વા સાહેબે આગળની તપાસ સંભાળી અને તેઓએ આ કામે ચાર્જશીટ રજુ કરેલ હતુ.

આ પોલીસ સાહેદનો પુરાવો વંચાણે લેતા તેમણે આ ગુન્હાની અધુરી તપાસ સંભાળી લીધેલી, જેમા ભોગ બનનારના સારવાર સર્ટીફીકેટ તેમજ બનાવવાળી જગ્યાનો નકશો મેળવવા તજવીજ કરેલી, આ કામ લાગતા વળગતા સાહેદોના વિશેષ નિવેદનો તથા અન્ય સાહેદોના નિવેદનો તેમણે નોંધેલા. સાહેદે તપાસના કામે પી.એમ.નોટ તથા આરોપીનું અટક પંચનામુ કબજે લીધેલુ. જેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. સાહેદે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તેનો પુરાવો રજુ કરેલ છે. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આવા ગુન્હા કામે પોલીસ સાહેદનો પુરાવો સમર્થનકારી પુરાવા તરીકે વંચાણે લઇ શકાય, પરંતુ આ કામે તહોમતમાં જણાવેલ ગુન્હામાં આરોપીની સંડોવણી હોવા અંગે કોઇ પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવો રજુ થતો ન હોય તેવા સંજોગોમાં આ પોલીસ સાહેદના પુરાવાથી ગુન્હામાં આરોપીની સંડોવણી માની લઇ દોષીત ઠરાવી શકાય નહી.

(૩૩)આ કામે ફરીયાદપક્ષે **આંક-૧૧૦ થી સાહેદ નં.૨૦** તરીકે **સાહેદ ધીરસિંહ ગોવિંદસિંહ અસવાર**ને તપાસેલા છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરના

પુરાવામાં જણાવેલ છે કે, જુલાઈ ૨૦૦૩ ના અરસામાં તેઓ કોડીનાર મુકામે ઇ.ચાર્જ પો.ઇ.તરીકે ફરજ બજાવતા હતા, તેઓના અગાઉ કોડીનાર પો.સ્ટે.માં ગુ.ર.નં.ફ.૭૨/૨૦૦૩ થી આઇ.પી.સી.કલમ ૩૦૨, ૩૦૭ તથા ૩૨૮ મુજબ નો ગુનો રજીસ્ટર થયેલ, જેની તપાસ કોડીનાર પોલીસ સ્ટેશનના પી.એસ. આઇ. કે.યુ.જોષી ચલાવી રહયા હતા અને ત્યારબાદની તપાસ પો.ઇ.શ્રી જોગાજી પરમાર કરી રહેલ હતા અને ત્યારબાદ તેઓની બદલી થતા આ કામની તપાસ તેઓએ સંભાળેલી, આ કામે થયેલ તપાસનો તેઓએ અભ્યાસ કરેલો, આ કામે અગાઉના તપાસ કરનાર અમલદારોએ મરણજનારની પી.એમ.નોટો તપાસના કામે મેળવેલી, તેઓએ આંક-૧૧૧ અને ૧૧૨ થી અસલ પી.એમ. નોટ રજુ કરેલ. આ કામે અગાઉના તપાસ કરનાર અમલદારોએ કબ્જે લીધેલ મુદામાલ અંગે તપાસ કરનાર અમલદારે રવાનગી નોંધ તૈયાર કરેલી તે અરસામાં તેઓની પાસે ના.પો.અધિ.વેરાવળ તરીકેનો ચાર્જ હતો જેથી રવાનગી નોંધમાં સતા બાબતેનુ તેઓએ પ્રમાણપત્ર રજુ કરેલુ, જે અસલ મુદામાલ સાથે એફએસએલને મોકલેલ, તેઓને આંક-૧૧૩ ની રવાનગી નોંધ બતાવવામાં આવેલ જેમાં તેઓની સહી અછે જે અસલ મોકલેલ તેની સ્થળપ્રત છે જે તેઓએ ઓળખી બતાવેલ, તેઓને આંક-૧૧૪ બતાવવામાં આવેલ જે મુદામાલ એફએસએલને મળ્યા અંગેની અસલ પહોંચ છે, તેઓને આંક-૧૧૫ નો એફએસએલનો રવાનગી પત્ર તથા એફએસએલનો મુદામાલ અંગેનો અસલ પૃથ્થકરણ પરીણામ પત્રક બતાવવામાં આવેલ જે રજુ કરેલ, તપાસ દરમિયાન આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરી શકાય તેટલા પુરતા પુરાવા હોય તેઓએ આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટમાં રજુ કરેલુ.

આ પોલીસ સાહેદે આ ગુન્હા કામે બાકી રહેલી તપાસ કરેલી. જેમાં મરણજનારની પી.એમ.નોટ તપાસના કામે મેળવેલી, આ કામે કબજે લેવાયેલ મુદામાલની રવાનગી નોંધ તૈયાર કરી તેનું પ્રમાણપત્ર જોડી મુદામાલ એફ.એસ.એલ.ને પૃથ્થકરણ માટે મોકલી આપેલો. એફ.એસ.

એલ.નો મુદ્દામાલનો અસલ પૃથ્થકરણ રીપોર્ટ ઓળખી બતાવતા આંક– ૧૧૫ થી રજુ કરાયેલ છે. સદર એફ.એસ.એલ. રીપોર્ટ વંચાણે લેતા મુદ્દામાલ ઉલટી વાળુ ગારનું લીપણ, રોટલીઓ અને રોટલાના ટુકડાઓ, શાક, ખીચડી, ભુખરા રંગનો મળી આવેલ પાઉડર, વિશેરાઓમાં એલ્યુમીનીયમ ફોસ્ફાઇડ નામનો અકાર્બનીક પ્રકારના રાસાયણીક ઝેરની હાજરી માલુમ પડેલ. જે વંચાણે લેતા મરણજનારનુ મોત શંકાસ્પદ સંજોગોમાં એટલે કે અકુદરતી રીતે થયાનું આ કોર્ટે મુદ્દા નં. ૧ માં તારણ આપેલ છે. પરંતુ મરણજનાર વ્યકિતઓના મોત નિપજાવવા માટેનું ગુન્હાહિત કૃત્ય આ કામના આરોપીએ કરેલ હોવા અંગે વ્યાજબી શંકાઓ ઉપસ્થીત થાય છે.

(૩૪) આ તબકકે કેસના સંજોગો ધ્યાને લેતા ના.સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે છે. **2024 (0) AIJEL-SC 73556 Babu Sahebagouda Rudragoudar And Others Versus State Of Karnataka**

**(a)** ......judgment of acquittal recorded by Trial Court in favour of accused has to be exercised within four corners of principles; (a) that judgment of acquittal suffers from patent perversity - (b) that same is based on a misreading/omission to consider material evidence on record - (c) that no two reasonable views are possible and only view consistent with guilt of accused is possible from evidence available on record - Appellate Court, in order to interfere with judgment of acquittal would have to record pertinent findings on above factors if it is inclined to reverse judgment of acquittal rendered by Trial Court.

**(b)** Evidence Act, 1872 - S. 27, 60 - disclosure statement - statement of accused recorded by a police officer u/s. 27 of Evidence Act is basically a memorandum of confession of accused recorded by Investigating Officer during interrogation which has been taken down in writing - confessional part of such statement is inadmissible and only part which distinctly leads to discovery of fact is admissible in evidence - thus, when Investigating Officer

steps into witness box for proving such disclosure statement, he would be required to narrate what accused stated to him - Investigating Officer essentially testifies about conversation held between himself and accused which has been taken down into writing leading to discovery of incriminating fact(s) - no secondary/hearsay evidence can be given in case of oral evidence, except for circumstances enumerated in section - in case of a person who asserts to have heard a fact, only his evidence must be given in respect of same - while testifying on oath, Investigating Officer would be required to narrate sequence of events which transpired leading to recording of disclosure statement. (Para 59,60,61,65)

**(c)** Indian Penal Code, 1860 - S. 302, 34 - Evidence Act, 1872 - S. 3, 27, 60 - offence of murder - appeal against acquittal - whether judgment of High Court causing interference with acquittal of accused appellants as recorded by Trial Court is contrary to principles established by law - accused persons killed deceased by inflicting injuries with sharp weapons ......High Court heavily relied upon circumstance of recoveries of weapons made at instance of accused as incriminating evidence - however, complainant (PW-1) admitted in his cross-examination that he was shown weapons of offence by police on date of incident itself - disclosure memos were proved in accordance with law nor recovery of weapons from open spaces inspire confidence and were wrongly relied upon by High Court as incriminating material so as to reverse finding of acquittal recorded by Trial Court - evidence of seizure of weapons of offence is not trustworthy and was rightly discarded by Trial Court - order of acquittal restored - appeal allowed. (Para 42, 44, 45, 47, 50, 52, 55, 66, 70, 73)

આ કામે ફરીયાદપક્ષે તપાસેલ તમામ સાહેદોની જુબાની ધ્યાને લેતા, આ કામે તપાસેલા પંચ સાહેદોએ પંચનામાની હકિકતોને સમર્થ આપી આ કામે પોલીસે કબજે લીધેલા નમુનાઓ તેમજ મેડીકલ નમુનાઓની રીકવરી કર્યાનો પુરવાર થયાનું માની લેવામાં આવે તો પણ આરોપીને ગુન્હામાં સંડોવણી હોવા અંગે પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવો રજુ કરવાનો રહે. પરંતુ આ કામે સાહેદ નિલેશ સીવાય અન્ય કોઈ નજરે જોનાર સાહેદ નથી. ફરિયાદપક્ષે તપાસેલા સાહેદો સાંભળેલી હકીકકત આધારિત પુરાવો રજુ કરે છે. મેડીકલ ઓફીસરના પુરાવાથી

મરણજનારનું મોત શંકાસ્પદ સંજોગોમાં થયાનું રેકર્ડ પર આવે છે એટલે કે મરણજનારનું મોત ઝેરી રાસાયણીક પદાર્થ એટલે એલ્યુમીનીયમ ફોસ્ફાઇડ નામનો અકાર્બનીક પ્રકારના રાસાયણીક ઝેરની હાજરી તેમના શરીરમાં મળી આવેલ, જે ધ્યાને લેતા પણ મરણજનારનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ કહી શકાય તેવા સંજોગોમાં થયેલ છે. તે સાપરાધ મનુષ્ય વધ ખુન કહી શકાય તેવો ગુન્હો હોવાનો પણ પુરવાર થાય છે. પરંતુ સદરહુ ખુનના ગુન્હામાં આ કામના આરોપીની સંડોવણી હોવા અંગે કોઇ પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવો વિશ્વસનીય રીતે રજુ થતો નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર એકમાત્ર સાહેદના પુરાવાથી પણ ગુન્હો પુરવાર થયાનું માની શકાય. પરંતુ આ કામે એક માત્ર ભોગ બનનાર સાહેદ નિલેશના પુરાવામાં પણ વિરોધાભાસ અને અપુર્તતા જણાય છે. જેની ઉપરોકત મુજબને ચર્ચા કરેલ છે. આ કામે રજુ વૈજ્ઞાનિક પુરાવામાં પણ ભોગ બનનારનુ મૃત્યુ ઝેરી રસાયણોના કારણે થયાનું માનવાને કારણ જણાય છે. પરંતુ આરોપીની સંડોવણી સદરહુ ઝેરી પદાર્થ લાવી મરણજનાર કે ભોગ બનનારને મોત કે રોગ નિપજાવવાના હેતુથી કરેલ હોવાનો શંકા રહિત પુરવાર કરેલ નથી. એટલે કે આરોપી વિરુધ્ધ ઇ.પી.કો. કલમ–૩૨૮ ના ગુન્હાના તત્વો ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેવી જ રીતે ઇ.પી.કો. કલમ–૩૦૭ અન્વયે આરોપીએ ખુન કરવાની કોશીષ ઇરાદાપુર્વક કરેલ હોવા અંગે ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. ઇ.પી.કો. કલમ–૩૦૨ અન્વયે આરોપીએ તહોમતમાં જણાવેલ કૃત્ય આચરી ભોગ બનનારનું મૃત્યુ ઇરાદાપુર્વક નિપજાવેલ હોવાનું શંકા રહિત પુરવાર કરી શકાયેલ ન હોય જે સંજોગોમાં આરોપી સદરહુ ગુન્હાઓમાં શંકાનો લાભ મેળવવા હકકદાર જણાય છે.

(૩૫) અત્રે પ્રસ્તુત કેસની વિગતો તેમજ મૌખિક અને દસ્તાવેજી પુરાવો જોતા એ વાત નિર્વિવાદિત છે કે આ કામે કોઇ સીધો પુરાવો જેમાં કોઇપણ સાહેદ દ્વારા સદર મરણજનારનું ખુન થતા જોયેલ હોય તેવો કોઇ પુરાવો નથી. સદર કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદો જે મરણજનારના સગા સબંધીઓ થાય છે. તેઓએ બનાવની વિગતોને પ્રત્યક્ષપણે સમર્થન આપેલ નથી.

(૩૬) વધુમાં, ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કેસ સાંયોગિક પુરાવા થકી પુરવાર કરવાનું રહે છે. નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા આપેલ અનેક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, હત્યાનો ગુનો જેમાં સાંયોગિક પુરાવાના આધારે આરોપીને દોષિત ઠેરવવા માટે, ફરિયાદ પક્ષે દરેક દોષિત સંજોગોને વાજબી શંકાથી પર સાબિત કરવું જોઈએ કે જેના પર તે નિર્ભર રહી શકાય. જેમાં સંજોગો એટલે કે આરોપીના અપરાધ તરફ સ્પષ્ટપણે નિર્દેશ કરતી ચોક્કસ કડી હોવી જોઈએ અને તેમાંથી સંપૂર્ણ એવી સાંકળ બનાવવી જોઈએ કે તે નિષ્કર્ષમાંથી કોઈ બચી ન શકે. માત્ર સંભાવનાઓ આધારે તે આરોપી છે તેવુ કહી શકાય નહીં. તેની નિર્દોષતા સાથે સુસંગત અન્ય તમામ પૂર્વધારણાઓને બાકાત રાખવી જોઈએ. ઉપરોકત સિધ્ધાંતો હેતુસર નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે.

(૩૭) નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **State Of Punjab Versus Kewal Krishan, AIR 2023 SC 3226** ના ચુકાદાના પેરા નં.૧૭ માં એવુ ઠરાવેલ છે કે,

17. This is a case based on circumstantial evidence. It is trite law that to convict an accused on the basis of circumstantial evidence, the prosecution must prove beyond reasonable doubt each of the incriminating circumstances on which it proposes to rely; the circumstance(s) relied upon must be of a definite tendency unerringly pointing towards accused guilt and must form a chain so far complete that there is no escape from the conclusion that within all human probability it is the accused and no one else who had committed the crime and they (it) must exclude all other hypothesis inconsistent with his guilt and consistent with his innocence.

(૩૮) તેમજ, નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **Prakash Nishad @ Kewat Zinak Nishad Versus State Of Maharashtra, 2023 AIJEL-SC 71092** ના ચુકાદાના પેરા નં.૨૩ અને ૨૪ માં એવુ ઠરાવેલ છે કે,

23. The law on circumstantial evidence is well settled. When a case is governed by such evidence, the evidence must point singularly to the guilt of the appellant, closing out the possibility of all other hypotheses.

24. The locus classicus on the subject is **Sharad Birdhichand Sarda v. State of Maharashtra, (1984) 4 SCC 116**. A recent judgement of this Court authored by one of us (Vikram Nath, J.) has highlighted the well settled law on circumstantial evidence in **Indrajit Das v. State of Tripura, 2023 SCC OnLine SC 201** reiterating the golden principles, as under :

> '10. The present one is a case of circumstantial evidence as no one has seen the commission of crime. The law in the case of circumstantial evidence is well settled. The leading case being Sharad Birdhichand Sarda v. State of Maharashtra. According to it, the circumstances should be of a definite tendency unerringly pointing towards the guilt of the accused; the circumstances taken cumulatively should form a chain so complete that there is no escape from the conclusion that within all human probability the crime was committed by the accused and they should be incapable of explanation on any hypothesis other than that of the guilt of the accused and inconsistent with his innocence. The said principle set out in the case of Sharad Birdhichand Sarda (supra) has been consistently followed by this Court. In a recent case - Sailendra Rajdev Pasvan v. State of Gujarat, this Court observed that in a case of circumstantial evidence, law postulates two-fold requirements. Firstly, that every link in the chain of circumstances necessary to establish the guilt of the accused must be established by the prosecution beyond reasonable doubt and secondly, all the circumstances must be consistent pointing out only towards the guilt of the accused. We need not burden this judgment by referring to other judgments as the above principles have been consistently followed and approved by this Court time and again.'

(૩૯) તેમજ નામ. સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદાના સિધ્ધાંતોને ધ્યાને લેતા પણ હાલના આરોપીને ગુના કામે સંડોવી શકાય તેવી કોઇ વિગતો જણાય આવતી નથી. જેમાં નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા એવુ ઠરાવેલ છે કે, માત્ર શંકાના આધારે આરોપીઓ વિરૂધ્ધના મજબુત અથવા સંભવિત પુરાવો માની

શકાય નહીં સિવાય કે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધના તહોમતને સાબિત કરવા માટે માની શકાય તેવો પુરાવો રજુ થયેલ હોવો જોઇએ.

**Ashish Batham vs State of M.P., reported in 2002 CRI. L. J. 4676**

8.Realities or Truth apart, the fundamental and basic presumption in the administration of criminal law and justice delivery system is the innocence of the alleged accused and till the charges are proved beyond reasonable doubt on the basis of clear, cogent, credible or unimpeachable evidence, the question of indicting or punishing an accused does not arise, merely carried away by henious nature of the crime or the gruesome manner in which it was found to have been committed. *Mere suspicion, however, strong or probable it may be is no effective substitute for the legal proof required to substantiate the charge of commission of a crime and grave the charge is greater should be the standard of proof required.* Courts dealing with criminal cases at least should constantly remember that there is a long mental distance between may be true and must be true and this basic and golden rule only helps to maintain the vital distinction between conjectures and sure conclusions to be arrived at one the touch stone of a dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case as well as quality and credibility of the evidence brought on record.

**Sunil Rai alias Pauna and Ors vs Union Territory, Chandigarh, reported in AIR 2011 SUPREME COURT 2545**

32.On the materials on record, there may be some suspicion against the accused but as is often said suspicion, howsoever, strong cannot take the place of proof. We, therefore, find and hold that the conviction of the appellants is based on completely insufficient evidence and is wholly unsustainable.

(૪૦) વધુમાં, જયારે ફરીયાદપક્ષના કેસને બનાવ નજરે જોનાર કોઇ સાહેદનું સમર્થન મળેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષનો કેસ માત્ર સાંયોગિક પુરાવાને આધિન બની રહે છે અને સાંયોગિક પુરાવાના આધારે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા બનાવ બન્યાથી આરોપીની સંડોવણી સુધીની સંપુર્ણ ચેન યોગ્ય રીતે પુરવાર કરવી પડે અને તે ચેનની કોઇપણ કડી મીસીંગ હોય તો આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહે. સદર કામે ઉપર કરેલ ચર્ચા મુજબ બનાવ સમયે આરોપી અને મરનાર સાથે ગયેલ હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી તેમજ તેઓને

કોઇએ સાથે જોયેલ હોય તેવો પણ કોઇ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી. જેથી ફરીયાદપક્ષનો સમગ્ર કેસ શંકાના દાયરામાં આવી જાય છે.

(૪૧)આ તમામ સંજોગો અને ઉપર કરેલ વિગતવાર ચર્ચાના આધારે અદાલત એવા તારણ ઉપર આવે છે કે, આ કામે આરોપીને આ ફરીયાદીના જેઠાણી(મરનાર) મણીબેન દાનાભાઇ સાથે છેલ્લા ત્રણેક વર્ષથી પ્રેમ સંબધ હતો અને આરોપીની સગાઇ પણ આલીદર ગામે સાહેદ નં.૨૨ ની દિકરી સોમા મળા વાઢેર સાથે થયેલ હતી અને લગ્ન પણ તા.૧૮-૦૫-૨૦૦૩ ના રોજ થવાના હતા. જેનાથી મરનાર મણીબેન નારાજ થયેલ અને આ મણીબેન તથા આરોપી વચ્ચે આ અંગે મનદુ:ખ-ઘર્ષણ પેદા થયેલ અને આરોપીને લાગેલ કે, પોતાના લગ્નમા આ મણીબેન તથા તેના બાળકો નડતરરૂપ થશે, જેથી બધાનો કાંટો કાઢી નાખવા આરોપીએ તા.૦૮-૦૫-૨૦૦૩ કલાક:૨૧/૩૦ ના અરસામાં આ મણીબેનના ઘરે દેદાની દેવળી ગામે જઇ તેઓની રસોઇમાં ઝેરી ટીકડા નાખી અને બધાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને મણીબેનને તથા તેમના છોકરાઓ પિયુષ-ઉ.વ.૧૧, રવિના-ઉ.વ.૫, નિલેશ-ઉ.વ.૭ વાળાઓ ને ઝેરી દવાવાળી રસોઇ ખવડાવી તેમજ ધરાર થી ઝેરી ટીકડા મોઢામાં આગળા નાંખી ખવડાવી જેમાં મણીબેન તથા પિયુષ તથા છોકરી રવિનાનું મોત નીપજાવ્યુ અને નીલેશ બચી ગયેલ હોય જેને મારી નાખવાની કોશીશ કર્યાનો ગુન્હો કરી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૩૦૭ અને ૩૨૮ મુજબનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરવામાં પ્રોસીકયુશન સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી **મુદ્દા નં. ૨** નો **નકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નં. ૩** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## – આખરી હુકમ –

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે કામના તહોમતદાર **માનસીંગ લખમણભાઈ સોસા,** ઉ.વ.૨૨, ધંધો–મજુરી, રહે. બાવાના પીપળવા, તા.કોડીનાર, જી.ગીરસોમનાથનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭ અને ૩૨૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૩(૬) અન્વયે કરવામાં આવે છે.

(૨) આ કામમાં કબજે કરવામાં આવેલ બિનકિમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯(૧) મુજબ આરોપીની ગેરહાજરીમાં ટ્રાયલ ચાલેલ હોય આરોપી હાજર ન હોય તેવા સંજોગોમાં આરોપીએ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજ **તારીખ:૨૪, માહે માર્ચ, સને ૨૦૨૬** ના રોજ હુકમ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪/૦૩/૨૦૨૬.
સ્થળ: કોડીનાર.

**(અતુલકુમાર આર. પટેલ)**
બીજા એડીશ્નલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ,
ગીર સોમનાથ, એટ કોડીનાર.
[કોડ નંબર-જી.જે.૦૦૭૧૦]